શાહ મહાસુખભાઈ શીવલાલ તરફથી ભેટ.

વિવિધ ભાષા સંગ્રહ.

સંશોધક,
મુનિશ્રી છગનલાલજી.

પદ.

અલખ નિરંજન આતમ જ્યોતિ, સંતો તેહનું ધ્યાન ધરો, આરે કાયા ઘટ આતમ હીરો, ભૂલી ક્યાં ભવ માંહી ફરો. અલખ૦ ॥૧॥ ધ્યાન ધારણા આતમ પદની, કરતાં ભ્રમણા મિટ જાવે; આત્મ તત્ત્વની શ્રદ્ધા હોવે, અનહદ આનંદ મન થાવે. અલખ૦ ॥૨॥ વિષયા રસ વિષ સરખો લાગે, ચેન પડે નહીં સંસારે; જીવન મરણ પણ સરખું લાગે, આતમ પદ ચિન્હે ત્યારે. અલખ૦ ॥૩॥ હલકો નહીં ભારે એ આતમ, કેવલ જ્ઞાન તણો દરીયો; બુદ્ધિ સાગર પામતા તે, ભવ સાગર ક્ષણમાં તરીઓ. અલખ૦ ॥૪॥

વિવિધ બોધ સંગ્રહ.

શ્રીદરીયાપુરી સંપ્રદાયના આચાર્યશ્રી હાથીજી સ્વા-
મિના શિષ્ય શ્રીભાયચંદ્રજી સ્વામિના સુપ્રયાસથી

સંશોધક,

મુનિશ્રી ઇશ્વરલાલજી મહારાજના શિષ્ય,

મુનિશ્રી છગનલાલજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શાહ મહાસુખભાઇ શીવલાલ.

વણછરા. (તાલુકે પાદરા.)

સંવત ૧૯૮૪ વીર સંવત ૨૪૫૪

આવૃત્તિ ૧લી પ્રત ૧૦૦૦

કીંમત સદુપયોગ.

શુદ્ધિ.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫	છેલ્લી	મને	નેમ
૯	૧૨	થાય	પાય
૧૦	૮	ધ્રવકા	ધ્રુવકા
૧૩	૩	હિંસા	હિંસાએ
૧૩	૧૬	નહી	રહી

અમદાવાદ–સલાપોસ રોડ ઉપર આવેલા ધી ડાયમંડ જ્યુબિલિ
પ્રિન્ટિંગ પ્રેસમાં, પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

વિષયાનુક્રમણિકા.

પ્રકરણ પહેલું.

॥ ॐ श्री असीआ [illegible]साय नमः ॥

વિવિધ બોધ સંગ્રહ.

પ્રકરણ પહેલું.

[દોહરો.]

અરીહંત સિદ્ધ સમરૂં સદા, આચાર્ય ઉવજ્ઝાય;
સાધુ સકલ કે ચરણકુ, વંદુ શિષ નમાય. ॥ ૧ ॥

[રાગ ધનાશ્રી]

મંત્ર ખરો નવકાર જગતમાં, મંત્ર ખરો નવકાર. ટેક. સકળ મંત્ર શીરોમણી સાચો, ચૌદ પુરવનો સાર. જ૦ ૧ મહા પ્રભાવી મંત્ર થકી એ, વરતે જય-જયકાર. જ૦ ૨ પ્રાણ લેવા ઘટમાંહીજ ઘાલ્યો, સર્પ મહા ભયકાર. જ૦ ૩ સાપ ફીટીને થઈ ફુલમાળા, કમળાવતી સતીસાર. જ૦ ૪ અધ બળતા નાગ નાગણી દેખી, મંત્ર દીધો નવકાર. જ૦ ૫ ધરણેંદ્ર પદમાવતી

દેવી, પદવી પામ્યા સુખકાર. જ૦ ૬ મહાસુખ પામ્યા મંત્ર પ્રભાવે, સફળ કર્યો અવતાર. જ૦ ૭ વિઘ્ન વિનાશ્યુ અમર કુંમારનું, પ્રતાપી એ નવકાર. જ૦ ૮ મંત્ર ભલેહો કોટી જગતમે, નહિ એ તુલ્ય લગાર. જ૦ ૯ વિઘ્ન વિદારણ સૌ સુખકારણ, મંત્ર વડો નવકાર. જ૦ ૧૦ ભાવ ધરીને શુદ્ધ ત્રિકરણે, જપતા જયજયકાર. જ૦ ૧૧ દયા કરી શેઠે મંત્ર સુણાવ્યો, ચોર શુળી નિરધાર. જ૦ ૧૨ મંત્ર પ્રભાવે દેવ થયા ત્યાં, સુખ પામ્યો શ્રીકાર. જ૦ ૧૩ ભાવધરી વદે મુની વિનય-ચંદ્ર, જપો સદા નવકાર. જ૦ ૧૪

આત્મભાવના.

[ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.]

એવોરે દિવસ તે મારો કયારે આવશે, ભ્રાન્તિ સમ હું જાણીશ, આ સંસાર જો; ક્રોધ, કપટ, ઇર્ષ્યા, રાગાદિક વૈરિયો, ત્યાગીશ ખોટા વિષય તણા વિકારજો. એવો૦ ૧ માત પ્રમાણે દેખીશ, સઘળી નારીયો,

ભાઈ પ્રમાણે લેખીશ શત્રુ વર્ગ જો; સુખ દુઃખ આવે હર્ષ વિષાદ ના સંપજે, વિદ્યા ધન વધતાં નહીં હોવે ગર્વજો. એવો૦ ૨ વૈરાગ્યે રંગાશે મન મારૂં સદા, ધોવાશે મન મેલ બધો નિર્ધારજો; વિષય વિકારો વિષની પેઠે લાગશે, અંધ બને છે જેમાં નરને નારજો. એવો૦ ૩ મોજમઝામાં સુખ કદીય ન ભાસશે, મમતાનું હું તોડી નાખીશ મૂળજો; સગાં સંબંધી પોતાનાં નહિ લાગશે, માટી સોનું ભાસે મન જેમ ધૂળ જો. એવો૦ ૪ ધર્મ ધ્યાન ધ્યાતા થઈ આત્મ સ્વરૂપમાં, રમતો રહી હું પડું નહિ ભવ કૂપજો; સમતા સંગે કર્મ કલંક વિદાર તો, થાવું હું શિવ શાશ્વત સુખ ચિદ્ રૂપજો. એવો૦ ૫ કુમિત્રોની સોબત ત્યાગી જ્ઞાનથી, સદ્ગુરૂ સંગતિ કરતો રહું નિશદિન જો; બુદ્ધિ સાગર જન્મ જરા પરિહારીને, આતમ સ્વભાવે પરમાતમ પદ લીન જો. એવો૦ ૬

ચોવીસ તીર્થંકરનું સ્તવન.

[રાગ બનજારો].

સુણો સજજન સર્વ મારા, ગુણ આતમના કરનારા. એ ટેક. ઋષભ અજીત સંભવ સ્વામિ, તુજ ગુણમાં નથી કાંઈ ખામી; સર્વ જીવોને સુખકારા, ગુણ આતમના કરનારા. ॥ ૧ ॥ અભીનંદન સુમતી સ્વામિ, પદ્મ પ્રભુને નમું શીર નામી; સુપાર્શ્વનાથ ગુણ સારા, ગુણ આતમના કરનારા. ॥ ૨ ॥ ચંદન પ્રભુ ને સુબુદ્ધિ નાથે, શીતલ નાથજી કર્મને કાપે; અંશ નાથજી શોભે સારા, ગુણ આતમના કરનારા. ॥ ૩ ॥ વાસુપૂજ્ય ને વીમલ નાથે, અનંત પ્રભુજીના ગુણ ગાતે; ધર્મનાથજી ધર્મમાં પ્યારા, ગુણ આતમના કરનારા. ॥ ૪ ॥ શાંન્તિનાથની શોભા સારી, જેણે નાંખ્યાં કર્મ વિદારી; કુંથું કહ્યા ન જાય ગુણ તારા, ગુણ આતમના કરનારા. ॥ ૫ ॥ અરનાથજી કર્મના અરી, મલ્લીનાથને જાઉં બલીહારી; મુનિસુવ્રત નિને પ્યારા, ગુણ આતમના કરનારા. ॥ ૬ ॥ નમિ નેમ પાર્શ્વ મહાવીરા, એ તો હુવા

અનંતા ધીરા; એતો શાસનના શણુગારા, ગુણુ આતમના કરનારા. ॥ ૭ ॥ એ ચોવીસ જીનને ભજીયે, નિત્ય કર્મ પોતાના તજીયે; ગજ મુનિને લાગશે પ્યારા, ગુણુ આતમના કરનારા. ॥ ૮ ॥

તીર્થંકરનું સ્તવન.

પ્રહ ઉઠી પ્રભાતે વાંદુ, પદ્મ પ્રભુજીના પાયરે પ્રાણી; વાસુપૂજ્યજી મારા મનમાં વસીયા, મારે કમી ન રહી કાંયરે પ્રાણી; ઉપજે આનંદ આઠે જીન જપતાં. ॥૧॥ એ દોએ જીનવર અવલ બીરાજે, હીંગુલ વર્ણા લાલરે પ્રાણી; તીર્થ સ્થાપીને કર્મને કાપી, પ્રભુ પાપ કીયા પ્રેમાલરે પ્રાણી ઉ૦ ॥૨॥ શુભ ભાવના એ મનમાંરે ભાવે, તો આઠ કર્મ જાવે ટુટરે પ્રાણી; સુખ સંપદા ને લીલ વિલાસો, ભર્યા ભંડાર અખૂટરે પ્રાણી. ઉપજે૦ ॥ ૩ ॥ ચંદ્ર પ્રભુજીને સુવિધિ જીનેશ્વર, એ દોયે વર્ણ સફેદરે પ્રાણી, મોતીયાં સરખી જ્યારી દેહીજ દીપે, મુજ દેખતાં અધીક ઉમેદરે પ્રાણી. ઉપજે૦ ॥ ૪ ॥ મુનિસુવ્રત મને

જીનેસર, એ દોય શ્યામ વર્ણ શરીરરે પ્રાણી; ઇંદ્ર થકી પણ અધિકા દીપે, દીઠે હરખે હૈડાનો હીરરે પ્રાણી ઉપજે૦ ॥ ૫ ॥ મલ્લીનાથ ને પાર્શ્વપ્રભુજી, જાણે નીલાતે મોરની પાંખરે પ્રાણી; નીરખતાં તો નયન ન ધ્રાપે, અમીય ઠરે દોય આંખરે પ્રાણી ઉપજે૦ ॥ ૬ ॥ રૂપ અનોપમ અવલ બીરાજે, જાણે હીરા જડીયા હેમરે પ્રાણી; સુરજથી જેમ સવાયા દીપે, કેણીમાં આવે કેમરે પ્રાણી ઉપજે૦ ॥ ૭ ॥ શીવ નગરીમાંહી સાહેબ બેઠા, હું નવી જાણું દૂરરે પ્રાણી; મુજ મનડામાં વસીયા વાલેસર, હું સમરૂં ઉગમતે સૂરરે પ્રાણી ઉપજે૦ ॥૮॥ એ આઠે અરીહંતની આગે, હું તો અરજ કરૂં કરજોડરે પ્રાણી; ઋષીરાયચંદજી કહે મારા મનના, પૂરો સઘળા કોડરે પ્રાણી ઉપજે૦ ॥ ૯ ॥ સંવત અઢારને વર્ષ છત્રીસે, નાગોર શહેર ચોમાસરે પ્રાણી; પ્રસાદ પુજ્ય જેમલજી કેરે, મારે હૈડે તે હરખ ઉલાસરે પ્રાણી, ઉપજે આનંદ આઠે જીન જપતાં૦ ॥ ૧૦ ॥

શ્રી પાર્શ્વજીન સ્તવન.

(રાગ ધનાશ્રી.)

ગુણમાં બન્યો ગુલતાન, પ્રભુજી તારા ગુણમાં બન્યો ગુલતાન. ટેક. દેવ દયાળું તવ દર્શનથી, પામ્યો શીવ સોપન, પ્રભુ૦ ॥૧॥ માયા મમતા દુર નિવારી, ધરૂં તમારૂં ધ્યાંન, પ્રભુ૦ ॥૨॥ મોહ મદીરા ત્યાગી તમારે, શરણે આવ્યો સુલતાન પ્રભુ૦ ॥૩॥ આપો અમોને અવીચલ પદવી, સંખેશ્વર ભગવાન પ્રભુ૦ ॥૪॥ પાપો અમારાં કાપો સમૂળાં, દેઈ દયાનું દાન. પ્રભુ૦ ॥૫॥ સેવા સેવકની સ્વામી સ્વીકારો, આપો પદ નિર્વાણ પ્રભુ૦ ॥૬॥ નીજ સ્વરૂપ નીહાળી નગીના, ખુબ થયો મસ્તાન પ્રભુ૦ ॥૭॥ જડ ચૈતન્યને જુદા જોઇ, જાગ્યું અનુભવ જ્ઞાન, પ્રભુ૦ ॥૮॥ ભેદ ભાવની ભ્રમણા ભાગી, પામી સુખની ખાણ, પ્રભુ૦ ॥૯॥ પાર્શ્વ ચરણમાં અજીત ભાવે, આવે મુકી અભીમાન. પ્રભુ૦ ॥૧૦॥

શ્રી મલ્લીનાથજીનું સ્તવન.

(રાગ ધનાશ્રી.)

માયા લાગી મહારાજ, મોહન ત્હારી માયા લાગી મહારાજ ।।ટેક.।। મલ્લીનાથ શીરતાજ મોહન ત્હારી૦ ।।૧।। ભવ ભ્રમણામાં ભમી ભમીને, ભૂલ્યો પોતાનું કાજ મોહન૦ ।।૨।। ભક્તિ ભજનનું ભાતું વિસારી, તોડી પૂન્યની પાજ. મોહન૦ ।।૩।। ધૈર્ય ભાવથી ધ્યાન તમારૂં, ધર્યું ના મુકી લાજ. મોહન૦ ।।૪।। ક્રુર ક્રોધથી કીધાં કુકર્મો, બન્યો દુષ્ટ દગાબાજ. મોહન૦ ।।૫।। માન માયામાં મોહ ધરીને, જાણી ન પરની દાઝ, મોહન૦ ।।૬।। મોતી મણી ને હીરા કણીમાં, માન્યું મોક્ષનું રાજ્ય. મોહન૦ ।।૭।। પર પરિણત ઘણી પ્યારી ગણીને, વીસારી નિવૃતી નાર. મો૦ ।।૮।। કાલી નાગણસમ કપટી કુમતીએ, ખુબ કર્યો ખુવાર. મોહન૦ ।।૯।। દુઃખ અનંતા દેખી દયાળું, અતી કંટાળ્યો આજ, મોહન૦ ।।૧૦।। મૂર્તિ મોહનગારી રસીલી, ભાવોદધીમાં જેમ ઝહાજ, મો૦ ।।૧૧।। દેખી દીલમાં આનંદ વ્યાપો, પામ્યો જ્ઞાન

અવાજ. મો૦ ॥૧૨॥ કુંભ પીતાની પુત્રી પનાંતીને, પૂર્ણ પ્રભાવતી માજ. મો૦ ॥૧૩॥ અજીત આશરે આવી તમારે, સાધે શાન્તિનું સાજ. મોહન૦ ॥૧૪॥

પદ.

અમર પદ પરખી લેજોરે, પરખ્યાથી સુખ થાય, અમર૦ ટેક. કોઈક રાચ્યા માનમાંરે, કોઇક રાચ્યા દામ; પરભવ જાતાં પ્રાણિનેરે કોઇ ન આવે કામ. અમર૦ ॥૧॥ ગાડી વાડી લાડીમાંરે, જીવો ભૂલ્યા ભાન; વિષ્ટાના કીડા પરેરે, પર વસ્તુ ગુલતાન. અમર૦ ॥૨॥ દુઃખ સન્તતિ દાવાનલેરે, કદી ન શાન્તિ થાય; નિજ પદ જાણે જે નરારે, સાચી શાન્તિ થાય. અમર૦ ॥૩॥ મન વચ કાયા યોગનીરે, નિવૃત્તિ જબ થાય; અધ્યાત્મ સુખ સંપજેરે, જન્મ મરણ દુઃખ જાય. અમર૦ ॥૪॥ સમતા સ્થિરતા સંપજેરે, અનુભવ જાગે જ્યોત; વર્તે નિજ પર ભિન્નતારે, થાય ભુવન ઉદ્યોત. અમર૦ ॥૫॥ વિષયવાસના પરિહરીરે, કરતા આત્મ ધ્યાન; અજર

અમર પદ ભોગવેરે, ચેતન ગુણની ખાણ. અમર૦ ॥૬॥ જ્ઞાની સદ્દગુરૂ સંગ તેરે, હોવે આત્મ પ્રકાશ; બુદ્ધિ સાગર કીજીએરે, સંતની સંગત ખાસ. અમર૦ ॥૭॥

પદ.

અલખ દેશમે નિવાસ હમારા, માયાસે હમ હૈ ન્યારા, નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ હમ ધ્રવકા તારા. અલખ૦ ॥૧॥ સુરતા સંગે ક્ષણ ક્ષણ રેહેના, દુનિયાદારી દૂર કરણી; સોહં જાપકા ધ્યાન લગાના, મોક્ષ મહાલકી નિસ્સરણી અ૦ ॥૨॥ પઢના ગણના સબહી જૂઠા, જબ નહિં આતમ પીછાના; વર વીના કયા જાન તમાસા, લુણ બિન ભોજનકુ ખાના. અ૦ ॥૩॥ આતમ જ્ઞાન વિના જન જાણો, જગમાં સઘળે અંધિયારા; સદ્દગુરૂ સંગે આતમ ધ્યાને, ઘટ-ભિતરમેં ઉજીયારા. અ૦ ॥૪॥ સબસે ન્યારા સબ-હમમાંહિ, જ્ઞાતા જ્ઞેયપણા ધારે; બુદ્ધિસાગર ધન ધન જગમે, આપ તરે પરકું તારે. અ૦ ॥૫॥

અઢાર પાપ સ્થાનક.

પહેલું પાપ—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય એ છ કાયની જીવહીંસા કરવી તે.

બીજું પાપ—વ્યવહારીક અને ધર્મઆશ્રી બે પ્રકારનું જૂઠું બોલવું તે.

ત્રીજું પાપ—ચોરી કરવી તે. ચોરીના ૪ ભેદ-(૧) ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ કામ કરવું તે.(૨) ગુરૂની આજ્ઞા વિરૂદ્ધ કામ કરવું તે. (૩) ધણીની રજા સિવાય આપવું લેવું તે. (૪) જીવના પ્રાણ લેવા તે.

ચોથું પાપ—કામભોગ સ્ત્રી દેવતા મનુષ્ય તિર્યંચની સ્ત્રીને સેવવી તે.

પાંચમું પાપ—મમત્વ સહિત ધનમાલ વિગેરે નવ પ્રકારના પરીગ્રહનો સંચય કરવો તે.

છઠું પાપ—ક્રોધ, રોષ, ગુસ્સો કરવો તે.

સાતમું પાપ—માન અભીમાન અહંકાર કરવો તે.

આઠમું પાપ—માયા, દગો, છેતરવું, વિશ્વાસઘાત કરવો તે.

નવમું પાપ—લોભ તૃષ્ણા, ઈચ્છા, લાલસા કરવી તે.

દસમું પાપ—રાગ મમત્વસહિત પ્રેમ પ્રીતિ કરવી અગર અવગુણીના ગુણ દેખવા તે.

અગીઆરમું પાપ—દ્વેષ, ઈર્ષા, અદેખાઇ કરવી અથવા ગુણીના અવગુણ દેખવા તે.

બારમું પાપ—કલહ, કલેશ, કજીયો, કંકાસ, ઝગડાઓ કરવા તે.

તેરમું પાપ—અભ્યાખ્યાન કોઇને ખોટું આળ દેવું તે.

ચૌદમું પાપ-પૈશુન્ય પારકી ચાડી કરવી તે.

પંદરમું પાપ--પર પરીવાદ-પારકા અવગુણ પ્રકટ કરવા અગર નિંદા કરવી તે.

સોલમું પાપ—રતી અરતી-રતી તે પાંચ ઇંદ્રિના ભોગ ઉપર પ્રીતિ કરવી તે. અરતી તે ધર્મ કૃત્યમાં અભાવ લાવવો તે.

સતરમું પાપ—માયા મોસો-કપટ કરીને જૂઠું બોલવું તે.

અઢારમું પાપ—મિથ્યાદંસણશલ્ય હિંસા ધર્મ માને તે. ખોટા દેવને ખરા કરી માને તે. ખોટા ગુરૂને સાચા કરી માને તે.

પ્રભાતીયું.

ચુપ કરીને તમે ચેતોરે પ્રાણી, આ અવસર બહુ રૂડોરે; પછી ઘણી તમે ઝુરણા કરશો, જીમ પંજરમાં સુડોરે ચુ. ॥૧॥ સવેલાયે સંભારતા નથી, કાંઈ કરો ખોટાઇરે; કાળ આવીને કંઠજ ઝાલશે, નગરી જાશે લુંટાઇરે. ચુ. ॥૨॥ રત્ન ચિંતામણી હાથમાં આયો, પારખું કરીને જૂવોરે; મોટા પદનો મનખો પામી, હાથે કરી કાંઇ ખુવોરે. ચુ. ॥૩॥ દોહીલા માંહી દોહીલો પામી, માનવનો અવતારોરે; નવ ઘાંટી ઓલંઘીને આયો, નહી મણા લગારોરે. ચુ. ॥૪॥ આલપંપાળ તમે છોડી દેજો, એક પ્રભુ ધ્યાન રાખોરે; કૂડી માયામાં શું

લલચાયો, વિષ મુકી અમૃત ચાખોરે. ચુ. ાાપાા ખોટી માયામાં ખોટીરે થાવું, શાને મરો છો દોડીરે; અંત સમે કુછ કામ ન આવે, સાથ ન આવે કોડીરે. ચુ. ાા૬ાા માલમતા મીલી છે અધીકી, તે સવી રેશે આંહીરે; કહે રામજી અહિંથી ભુલ્યો, તેનું ઠેકાણું નથી કાંઇરે ચુ. ાા૭ાા

સ્તુતિ.

હે પ્રભુ હે પ્રભુ શું કહું, દીનાનાથ દયાલ; હું તો દોષ અનંતનો, ભાજન છું કરૂણાલ. ાા૧ાા શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી અંતર સ્વરૂપ; નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ાા૨ાા આજ્ઞા નથી ગુરૂ દેવની, અમલ કરી ઊરમાંય; આપ તણો વિશ્વાસ દ્રઢ, પરમ આદર નહિ. ાા૩ાા કેવલ કરૂણા મૂર્તિ છો, દીન બંધુ દીનાનાથ; પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ાા૪ાા અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન; સેવા નહિ ગુરૂ સંતને, મુકયું નહિ અભિ-

માન. ॥૫॥ સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક; પાર ન તેથી પામીઓ, ઊગ્યો નહિ અંશ વિવેક. ॥૬॥ સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય; સત સાધન સમજ્યા વિના, ત્યાં બંધન શું જાય. ॥૭॥ પ્રભુ પ્રભુ લય લાગી નહિં, ન પડયો સદ્‌ગુરૂ પાય; દીઠા નહિ નિજ દોષતો, તરીએ કવણ પ્રકાર. ॥૮॥ અધમાધમ અધિકોપતી, સકળ જગતમાં હું; એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું. ॥૯॥ પડી પડી તુજ પદ પંકજે, ફરિ ફરિ માગું એહ; સદ્‌ગુરૂ તુંજ સ્વરૂપ તું, એ દ્રઢતા કરીને દીજ. ॥૧૦॥

ચેત ચેત નર ચેત!

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત; હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ॥૧॥ જોર કરીને જીતવું, ખરે ખરૂં રણ ક્ષેત્ર; દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ॥૨॥ ગાફેલ રહિશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત; હવે જરૂર હુંશીયાર થઇ, ચેત

ચેત નર ચેત. ॥૩॥ તન ધન તે તારાં નથી, નથી ત્રિયા પરણેત; પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ॥૪॥ પ્રાણ જશે જ્યાં પિંડથી, પીંડ ગણાશે પ્રેત; માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ॥૫॥ રહ્યા ન રાણા રાજીયા, સુરનર મુનિ સમેત; તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ॥૬॥ રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત; પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ॥૭॥ કાળા કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત; જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ॥૮॥ માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત; કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ॥૯॥ શુભ શીખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત; અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ॥૧૦॥

વૈરાગ્ય ઉપદેશક દુહા.

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ; અનંતા જીવ મુક્તે ગયા, દયા તણાં ફલ જાણ. ॥૧॥

હિંસા તે દુઃખની વેલડી, હિંસા તે દુઃખની ખાણુ; અનંતા જીવ નરકે ગયા, હિંસા તણે પરમાણુ. ॥ ૨ ॥ ધર્મ વાડીયે નવિ નીપજે, ધર્મ હાટે ન વેચાય; ધર્મ શરીરે નીપજે, જો કરીયે તો થાય. ॥ ૩ ॥ રત્ન પડયુંરે બજારમાં, રહ્યા ગરધ લુભધાય; મુરખ જાણે કાંકરો, ચતુર લિયેરે ઉઠાય ॥ ૪ ॥ નગર કેરા બજારમાં, લાંબા પાન ખજુર; ચડેતો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચુર..॥ ૫ ॥ ખરો મારગ વીતરાગનો, જેમાં કુડ નહિ લવલેશ; શ્રદ્ધા હોયતો સદહજો, મનમાં રાખી વિવેક. ॥ ૬ ॥ ડગાવ્યા ડગજો મતિ, નિશ્ચળ રાખજો મન; હિંસાથી રહેજો વેગળા, તો કહેવાશો ધન ધન. ॥ ૭ ॥ રાત ગમાવી સોવતાં, દિવસ ગમાયો ખાય; હિરાજેસો મનુષ્યભવ, કોડિ બદલે જાય. ॥ ૮ ॥ આખી રાત વરસીયો, જમીન ઉપર મેહ; ધરતી તો ગલગલ થઇ, પણ પથ્થર તેહના તે. ॥ ૯ ॥ ધર્મ કરોરે તમે પ્રાણીયા, ધર્મ થકી રે નિરવાણુ; ધર્મ કર્મ જાણ્યા વિના, તે નર પશુરે સમાન. ॥ ૧૦ ॥ મડદાં બળે મસાણુમાં,

દિનપ્રત્યે દેખાય; તોપણ તે જોનારને, સાર નહિ સમજાય. ॥ ૧૧ ॥ દાન શિયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર; કરો આરાધો ભાવસુ, જીમ પહોંચો ભવપાર. ॥ ૧૨ ॥ કરો દલાલી ધર્મની, દિપે અહકિ જોત; કૃષ્ણ વાસુદેવ દેખલ્યો, જેણે બાંધ્યું તીર્થંકર ગોત્ર. ॥ ૧૩ ॥

ત્યાગ વિષે.

(રાગ ભર્તૃહરિનો)

ત્યાગ ન ટકેરે વૈરાગ્ય વિના, કરીયે કોટી ઉપાયજી; અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાયજી ત્યાગ૦ ॥૧॥ વેશ લીધોરે વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી; ઉપર તો અચ્છો બન્યો, માંહે મોહ ભરપૂરજી. ત્યાગ૦ ॥ ૨ ॥ કામ ક્રોધ મદ લોભનું, જ્યાં લગી મૂળ ન જાયજી; પ્રગટેરે સંગ પ્રસંગથી, જોગ ભોગનો થાયજી. ત્યાગ૦ ॥૩॥ ઊષ્ણ ઋતુએ અવની વિષે, બીજ દેખાય નહિ બ્હારજી; ઘન વરસે ને વન પાંગરે, ઇંદ્રિ એમ વિષય વિકારજી. ત્યાગ૦ ॥ ૪ ॥ ચમક દેખીને લોહ ચળે,

ઇંદ્રિઓ વિષય સંયોગજી; અણુભેટેરે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ૦ ॥૫॥ ઊપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથજી; વંઠયો વરણાશ્રમ થકી, અંતે કરશે અનરથજી. ત્યાગ૦ ॥૬॥ ભ્રષ્ટ થયોરે જોગ ભોગથી, જેમ વિણસેલ દુધજી; ગયુંરે ઘૃત મહી માંખણ થકી, આપે થયું એ અશુદ્ધજી. ત્યાગ૦ ॥૭॥ જોગીરે થઇને ભોગી બને, પળમાં કરે છે પાછો ત્યાગજી; નિષ્કુળાનંદ એ નર તણો, વિણ સમજ્યો વૈરાગ્યજી. ત્યાગ૦ ॥૮॥

પદ [રાગ-દલાલી]

અનન્ત ભવ તું આથડયોરે, નરક નીગોદ મોઝાર; અનન્ત વેદના તીહાં સહીરે, પામ્યો દુઃખ અપારરે; પ્રાણી, કરીએ ધર્મ વિચાર, જેથી પામીયે ભવનો પારરે પ્રાણી, કરીએ૦ ॥૧॥ ભમતાં ભમતાં પામીયોરે, મનુષ્ય જન્મ અવતાર, મિથ્યાત્વપણે ભવ નીરગમ્યોરે, કારજ ન સર્યું લગારરે પ્રાણી, કરીએ૦ ॥ ૨ ॥ અવળાં કર્મ તે

બાંધીયાંરે, પામ્યાં દુર્ગતિ અવતાર; અનન્ત ભવ એળે ગયારે, જાણી સમજ્યો એણી વારરે પ્રાણી. કરીએ૦ ॥૩॥ જગમાં સગપણ કર્યાં ઘણારે, એકથી અનન્તી વાર; નારી મરી માતા થઇરે, માતા મરી હુઈ નારરે પ્રાણી. કરીએ૦ ॥ ૪ ॥ તો કુંણ આપણું પારકુરે, કોણ વેરી કોણ મીત; રાગ દ્વેષ નીવારીયેરે, અનુભવ લગાવે ચીતરે પ્રાણી. કરીએ૦ ॥ ૫ ॥ ઓગણીસે એકાસીમાંરે, ઓગણ ગામ મોઝાર; શેષ કાળ પધારીયારે, ગજમુનિ અણગારરે પ્રાણી. કરીએ૦ ॥ ૬ ॥

સમકીત વિષે.

(રાગ–શ્રીજીન મુજને પાર ઉતારો.)

ગુણીજન સમકીત વ્રત ધારો, જેથી પામો ભવોદધી પારો, ગુણીજન૦ ॥ટેક.॥ આત્મ પરઆત્મ સરીખા જાણી, પાપનો કરો પરીહારો; પાખંડી મારગ દુર કરાને, આત્મનો કરો ઓધારો. ગુ૦ ॥૧॥ જીવ અજીવ પ્રથમ જાણી, અજીવનો મોહ ઉતારો; ગુણ અવગુણનો વિચાર

કરીને, ગુણુનો કરો વધારો. ગુ૦ ॥૨॥ જ્ઞાન દર્શન ચારીત્ર ગ્રહીને, વિષય ગુણોને નીવારો; વિભાવ દશાનો ત્યાગ કરીને, સ્વભાવ દશા લીન ધારો. ગુ૦ ॥૩॥ પ્રમાદ કષાય મોહ નીવારી, ધર્મ શુકલ ધ્યાન ધ્યાવો; આળસ નિંદ્રા અળગી કરીને, અનુભવ આત્મ જગાવો. ગુ૦ ॥૪॥ ઓગણીસે એંસીની સાલે, વીરમગામ સુખકારો; ગજ-મુનિ ઠાંણા પાંચ બીરાજે, શ્રાવણમાસ હીતકારો. ગુ૦ ॥૫॥

કર્મરૂપી ખલકો.

ખલકો ખુબ બનાવ્યો મેરે સદ્ગુરૂ, ખલકો ખુબ બનાવ્યોરેજી. ટેક. આઠ પટકો ખલકો બનાવ્યો, નવ-પંચ સંધી લગાવ્યોરેજી. સોલ સોલ તંતુએ ખલકોરે સીવ્યો, સોલ સોલ તંતુએ હાં૦ ખલકોરે સીવ્યો, અઠ વીસ ટાંકો લગાવી-મેરે સદ્ગુરૂ. ખલકો૦ ॥૧॥ દોય દોય દરજીએ ખલકોરે સીવ્યો, ખટ રંગે રંગાયોરેજી. ચાર ચાર ચતુરે, ચોક પુરાયો, ચાર ચાર ચતુરે હાં, ચોક પુરાયો, નેવુ ત્રણ ફુલ સોહાઈ, મેરે સદ્ગુરૂ.

ખલકે૦ ॥૨॥ ખલકો રે પેરી, જોગી જંગલમાં, સોલ પંચ કોસો ટંકાવીરેજી, ચોરાસી ચૌટાં ચાલવીરે નાખ્યાં, ચોરાસી ચૌટાં હાં૦ ચાલવીરે નાખ્યાં, ચઉ બજાર ફરી આવ્યો, મેરે સદ્‌ગુરૂ. ખલકે૦ ॥૩॥ સદ્‌ગુરૂ મળે તો ભેદ સમજાવે, ખલકો જોગી કુણ હોવેરેજી, એરે ખલકે જગ સહુ ઘેર્યો, એરે ખલકે હાં૦ જગ સહુ ઘેર્યો, ખલકો ખુવે તેને બલીહારી મેરે સદ્‌ગુરૂ ખલકે૦ ॥૪॥ જીવ રૂપી જોગી કર્મ રૂપી ખલકો, સામાન્ય ભેદ સમજાવ્યોરેજી. ગુરૂ પ્રતાપે ગજમુની બોલ્યા, ગુરૂ પ્રતાપે હાં, ગજમુની બોલ્યા, વીણુ ખલકે અમર પદ પાયો મેરે સદ્‌ગુરૂ ખલકો. ॥૫॥

ઉપલા ભજનનો ભાવાર્થ–આઠ પટ એટલે આઠ કર્મરૂપ ખલકો, નવ, પંચ સંધી લગાવી એટલે દર્શના-વરણીની નવ પ્રકૃત્તિ અને જ્ઞાનાવરણીની પાંચપ્રકૃત્તિ એ ચઉદ. સોલ સોલ તંતુએ. એટલે સાતાવેદનીની આઠ, અશાતાવેદનીની આઠ એ સોલ પ્રકૃત્તિ. અઠ વીસ ટાંકો એટલે મોહની કર્મની અઠાવીસ પ્રકૃત્તિ. દોય

હોય દરજી એટલે તેજસ ને કારમણ શરીર. ખટરંગે રંગાયો એટલે છ લેશ્યાએ કરી. ચાર ચાર ચતુર એટલે નારકી તીર્યંચ મનુષ્ય દેવતા એ ચાર ગતિ તે એક એક ગતિ ચાર પ્રકારે આઊખા કર્મ બાંધે છે. નેવુ ત્રણ કુલ સોહાઇ એટલે નામ કર્મની તાણુ પ્રકૃત્તિ. ખલકો જોગી એટલે જીવ રૂપ જોગી, કર્મરૂપ ખલકો. સોલ પંચ કોસો એટલે નીચ ગોત્રની આઠ પ્રકૃતિ. ઉંચ ગોત્રની આઠ પ્રકૃત્તિ. અંતરાયકર્મની પાંચ પ્રકૃતિ એ ૨૧. ચોરાસી ચૌટાં એટલે ચોરાસી લાખ જીવાજોની. ચઉ બજાર એટલે ચાર ગતિ.

જીવ મુસાફર.

[અચકો મચકો કારેલી એ-રાગ.]

અહીં આવી શું સુખ પામ્યોરે, જીવ મુસાફર જંજાળી; વળી શાં શાં દુઃખડાં વામ્યોરે, જીવ૦ ॥૧॥ ભગવંતને ના ભજી લીધારે, જીવ૦ નવ રસ્તે ચાલ્યે સીધારે. જીવ૦ ॥ ૨ ॥ પ્રભુ પંથે જાતાં અટકયોરે,

જીવ૦ માટે ભવવનમાં ભટકયોરે, જીવ૦ ॥ ૩ ॥ હજી ચેત હાથ છે બાજીરે, જીવ૦ ૨૮ આતમ થઇને રાજીરે જીવ૦ ॥ ૪ ॥ હજી આશા ઉર ધરે છે રે, જીવ૦ કર્મો પણ દુષ્ટ કરે છે રે, જીવ૦ ॥ ૫ ॥ ધર્મોદય રૂપ તુજ નાણુરે, જીવ૦ અંતે ના ઉત્તમ જાણુંરે, જીવ૦ ॥ ૬ ॥ તું રક્ષા એની કરી લેરે, જીવ૦ તું ધ્યાન પ્રભુનું ધરી લે રે, જીવ૦ ॥ ૭ ॥ કર મૈત્રી પ્રભુની સાચીરે, જીવ૦ સાધુસંગે રહે રાચીરે, જીવ૦ ॥ ૮ ॥ રહે મોહ ચોરથી ડરતોરે, જીવ૦ તેની ચારી નવ કરતોરે, જીવ૦ ॥ ૯ ॥ તુજ સુખડાં એ હરી લેશેરે, જીવ૦ દુઃખ કુવે નાખી દેશેરે, જીવ૦ ॥ ૧૦ ॥ કર ઇષ્ટ આરાધન નિત્યરે, જીવ૦ ગુરૂ સંગતિ કર શુભ રીતેરે, જીવ૦ ॥ ૧૧ ॥ વ્હાલો કર ઉર વૈરાગરે, જીવ૦ તું જાગ હવે તો જાગરે, જીવ૦ ॥ ૧૨ ॥ ચેતન ચેતીને ચાલરે, જીવ૦ વળી જીનવરથી કર વ્હાલરે, જીવ૦ ॥ ૧૩ ॥ કર ગુરૂની સંગત આજેરે, જીવ૦ કહે અજીતમુનિ તુજ કાજેરે, જીવ૦ ॥ ૧૪ ॥

વૈરાગ્યમય પુરૂષોની વૈરાગ્યમય વાતો.

વાત કહું વૈરાગી વ્હાલા, વાત કહું વૈરાગી વ્હાલા, ચેતન કેરી તજી ચતુરાઈ, શું ચુંથે ચાળા. ॥ ટેક ॥ ખેર અંગારા શિર ધરિયા, ખેર અંગારા શિર ધરિયા, ગણ્યા નહીં ગુણી ગજસુકુમારે, વિમળ પંથ વરિયા. વાત૦ ॥ ૧ ॥ સુકોસળ સિંહણથી મરિયા, સુકોસળ સિંહણથી મરિયા; હિંમત ધરી હદપાર, પારવિણ સાગરથી તરિયા. વાત૦ ॥ ૨ ॥ મુની મેતારજ શિવ વરિયા, મુનિ મેતારજ શિવ વરિયા; કુરકટ પર કરૂણા કરી, એવા દયાતણા દરિયા. વાત૦ ॥ ૩ ॥ મરણથી માત્ર નહિ ડરિયા, મરણથી માત્ર નહિ ડરિયા; સુરીકંતાએ સોમલ નખથી, પતિપ્રાણ હરિયા. વાત૦ ॥૪॥ શિયાળે શરીર ભક્ષ કીધું, શિયાળે શરીર ભક્ષ કીધું, ઐવંતિ સુકુમાર મુનિવરે, અચળ સ્થાન લીધું. વાત૦ ॥ ૫ ॥ ઝેર તજી જ્ઞાનવિષે ઝીલ્યા, ઝેર તજી જ્ઞાનવિષે ઝીલ્યા; ખંધક મુનિના શિષ્ય પાંચસે, ઘાણીમાં પીલ્યા. વાત૦ ॥ ૬ ॥ અનલથી સમભાવે બળિયા, અનલથી

સમભાવે બળિયા; મહાબળ મુનિ સહિ મહાસંકટ, નિજ સ્વરૂપ વિષે મળીયા. વાત૦ ॥ ૭ ॥ ટેકથી પ્રાણ તજ્યાં ચ્યારાં, ટેકથી પ્રાણ તજ્યાં ચ્યારાં; સન્યાસીના શિષ્ય સાતસેં, કર્યાં ન વ્રત ન્યારાં. વાત૦ ॥ ૮ ॥ તત્ત્વથી તર્યાં વળી તરશે, તત્ત્વથી તર્યાં વળી તરશે; મોહ મમતામાં બહુ મુંઝાશે, ભવસાગર ફરશે. વાત૦ ॥૯॥ વિષયમાં કેમ રહ્યો વળગી, વિષયમાં કેમ રહ્યો વળગી, અળગી કર અવળાઈ, નહિતો ઘર જાશે સળગી. વાત૦ ॥ ૧૦ ॥ કરીશ નહીં ધુળતણા ધંધા, કરીશ નહીં ધુળતણા ધંધા; શામાટે બની જઈએ, સુંદર આંખ છતાં અંધા. વાત૦ ॥ ૧૧ ॥ રાખમાં કેમ રતન રોળે, રાખમાં કેમ રતન રોળે; સંત શિષ્ય કહે કાંઠે આવ્યું, નાવ કેમ બોળે. વાત૦ ॥ ૧૨ ॥

સ્તવન-આત્માને તરવા વિષે.

તારો તારો પ્રભુ મુંને તારોરે, શીવપુરીના વાસી, મુને આ ભવ પાર ઉતારોરે, શીવપુરીના વાસી. ટેક.

તારૂ જીન શાસન જેજે કારરે, શીવપુરીના વાસી. એ તો ચૌદ પુરવનો સારરે, શીવપુરીના વાસી. ૧।। પ્રથમ ગણધર ગુણ ઘણારે, મુની ગુણે મહરાજ, આ ચારજ એમ ઓચરેરે-હાંરે પ્રભુ ધન ધનં-ગરીબનીવાજરે-શીવપુરીના વાસી. ૨।। ગર્વ કીધો ચંડ કોસીયેરે, મા-રગ રોકયો જેહ. પ્રભુજી પધાર્યા ત્યાં કનેરે, હાંરે પ્રભુએ નાગ બુઝવીઓ તેહરે શીવ૦ ૩।। છ માસ-ખમણને પારણેરે, બાકુલા વહોરાવ્યા વીર, પ્રતીલાભ્યા પ્રભુ પ્રેમથીરે-હાંરે પ્રભુએ નયણે તે દીઠા નીરરે. શીવ૦ ૪।। દીન સાડી બ્યાસીનાં માત પીતારે-બ્રાહ્મણ બ્રાહ્મણી દોય-શીવ પદ સંગે તે વર્યારે, હાંરે પ્રભુ મીથ્યાત મેલને ધોયરે. શીવ૦ ૫ વ્રત એક નવી આદર્યુંરે, નેમ ના લીધું કાંય, સરણીક ભક્તિ જાણીનેરે, હાંરે. પ્રભુએ નીજ પદ દીધું સોયરે. શીવ૦ ૬ સરણીકરા-યનો બેટડોરે, ડગીયો મેઘકુંવર, પુરવભવ કહી થીર કર્યોરે, હાંરે મુની હુવા એકા અવતારીરે. શીવ૦ ૭।। શેઠ શેઠાણી આવ્યાં વાંદવારે, આવ્યાં પ્રભુજીની પાસ,

જંબુકુંવર બહુ પુણ્યવંતારે, હાંરે પ્રભુ એ પુત્ર કહી પુરી આશરે. શીવ૦ ૮ાા બીજોરા પાક વહોરાવીઓરે રેવંતી હરખ ના માય, તીર્થંકર ગોત્ર બાંધીયુંરે, હાંરે વળી સોવન વૃષ્ટિ થાયરે. શીવ૦ ૯ાા સંવત અઢાર ને અઠાણુમેરે, માગસર શુદી દસમી સાર. નથુ લ્યાણ કહે દીવનોરે, હાંરે. પ્રભુ સ્તવન જોડયું શુકરવારરે. શીવ-પુરીના વાસી. ૧૦ાા

પ્રકરણ બીજું.

વિદ્યા.

૧ હે સરસ્વતિ! તમારો ખજાનો કોઈ નવીન જાતનોજ છે કે જે ખરચવાથી વધે છે અને સંચય કરવાથી ખૂટી જાય છે.

૨ સર્વ દ્રવ્યોમાં વિદ્યા રૂપી દ્રવ્યના જેવું કોઇ ઉત્તમ નથી, કારણ કે તે કોઈથી હરી શકાતું નથી, તેની કિંમત થઇ શકતી નથી, અને તેનો નાશ થઇ શકતો નથી.

૩ જેની પાસે વિદ્યા છે તેને પોતાનું ભરણ-પોષણ કરવાની શી ચિંતા છે. પોપટ પણ હરિ રામ બોલીને ભરણ પોષણ મેળવે છે.

૪ જેને ચોર ચોરી શકતા નથી, રાજાઓ લુટી શકતા નથી. ભાઇઓ જેમાં ભાગ પડાવી શકતા નથી, જેનો ભાર લાગતો નથી અને જેમ જેમ તેને ખરચીએ તેમ તેમ તે વધતું જાય છે એવું વિદ્યા રૂપી ધન સર્વ ધનમાં શ્રેષ્ઠ (મુખ્ય) છે.

૫ વિદ્યા એજ પુરૂષનું રૂપ (ખુબસુરતી) છે, વિદ્યા સંતાડી રાખેલું ધન છે, વિદ્યા ભોગ, કીર્ત્તિ ને સુખ આપનારી છે. વિદ્યા, ગુરૂનો પણ ગુરૂ છે. પરદેશમાં વિદ્યા ભાઇની પેઠે મદદ કરનારી છે. વિદ્યા એજ મોટું નશીબ છે. રાજાની પાસે પણ વિદ્યા પૂજાય છે, ધન પૂજાતું નથી. તેથી જે વિદ્યા વિનાનો માણસ છે તે પશુ સમાન છે.

૬ વૃદ્ધ થયા હોઈએ, તો પણ સમજુ માણસે, વિદ્યા ગ્રહણ કરવી. જો આ જન્મમાં તેનું ફળ નહિ

મળે તો બીજા જન્મમાં તે સહેલાઇથી શીખી શકાશે.

૭ સુખ ભોગવવાની ઇચ્છા હોય તો વિદ્યાનો લોભ ન રાખવો, અને વિદ્યાની ઇચ્છા હોય તો સુખનો ત્યાગ કરવો, કારણ કે સુખની ઇચ્છાવાળાને વિદ્યા નથી મળતી અને વિદ્યાની ઇચ્છાવાળાને સુખ નથી મળતું.

૮ અન્નદાન કરતાં વિદ્યાદાન વધારે સારૂ છે, કારણ કે અન્નથી થોડો વખત તૃપ્ત થાય છે, પરંતુ વિદ્યાથી તો જીંદગી પર્યંત સુખ મળે છે.

૯ ગુરૂની સેવાથી વિદ્યા શીખાય છે અથવા પુષ્કળ ધનથી વિદ્યા શીખાય છે અથવા આપણી પાસે કંઈ વિદ્યા હોય તો, વિદ્યા શીખાય છે. આ ત્રણ શિવાય ચોથો મારગ નથી. સારાંશ કે વિદ્યા શીખવાના ઉપલાં ત્રણ જ સાધન છે.

૧૦ વિદ્યાની સાથે મરવું પણ નીચ શિષ્યને આપવી નહિ કારણ કે નીચ શિષ્યને વિદ્યા આપી હોય તો તે પાછળથી શત્રુ થાય છે.

૧૧ આળસુને વિદ્યા ક્યાંથી, વિદ્યા વગરનાને

ધન ક્યાંથી, ધન વગરનાને મીત્ર ક્યાંથી, અને મીત્ર વિનાનાને સુખ ક્યાંથી, સારાંશકે આળસુને વિદ્યા મળી શકતી નથી, વિદ્યા સિવાય ધન મળતું નથી, ધન સિવાય મીત્ર મળતા નથી, અને મીત્ર વિના સુખ મળી શકતું નથી.

૧૨ અધુરી વિદ્યા ગર્વ ઉત્પન્ન કરે છે.

૧૩ વિદ્યા વગરની જીંદગી નકામી છે.

૧૪ જ્ઞાન એજ શક્તિ છે.

૧૫ વિદ્યા જેવું કોઇ સગુ નથી.

૧૬ જ્ઞાન વિના, સારી રીતભાત નથી આવડતી.

૧૭ ભણે છે તે કદી મુરખ રહેતો નથી.

૧૮ માણસમાં રહેલો ગુણ જ્યાં જાય ત્યાં પોતાની જગા કરે છે, માન મેળવે છે.

સુખ:

૧ આ દુનિયાનાં સુખો, પાણી ઉપરનાં ફીણ જેવાં નાશવંત છે. જુવાની પડછાયા જેવી છે, પૈસો પવનથી જેમ વાદળાં ઘસડાઈ જાય છે તેમ જતો રહે

છે, માટે આપણે સદ્‌ગુણોનેજ મજબૂત વળગી રહેવું જોઇએ.

૨. અભિમાન અને દંભ કોઇને ગમતો નથી.

૩. મોટું મન, આનંદ, દયા, સત્ય, પાડોશી પર પ્રેમ, પતિ પત્નિ વચ્ચે દૃઢ પ્રેમ; ભલાઇ, મીલનસારપણું અને સ્વચ્છતા આ ગુણવાળો માણસજ સુખી છે અને આ દશ ગુણો જેનામાં હોય તેજ ખરેખરો ગુરૂ થવાને લાયક છે.

૪. જ્ઞાન એ શરીરની તન્દુરસ્તિ છે. ગરીબાઇ એ એનો રોગ છે, આનંદી સ્વભાવ એ તેનો ટેકો છે, અને દીલગીરી તેને વૃદ્ધ કરનાર છે.

૫. જેને કોઇ પણ ચીજની અપેક્ષા નથી તેજ સુખી છે.

૬. સત્ય સિવાય બીજા કશામાં સુખ નથી.

૭. દુષ્ટોને તેમના ઉપર ઉપકાર કરીને જીતો.

૮. જે સદ્‌ગુણી છે તે ખરેખરા સુખી છે.

૯. ખરૂં સુખ સ્વાર્થવૃત્તિનો નાશ કરવો એમાંજ છે.

૧૦. તમારા વિચારો પર ચોકી રાખો. જીભને કાબુમાં રાખો. તમારા જુસ્સા ઉપર સખ્ત દબાણ રાખો. કોઈ સાથે સખ્તાઇથી બોલો નહિ; અને સ્વાર્થ વૃત્તિનો ત્યાગ કરો.

૧૧. દાન કરવાની વૃત્તિ જેવો કોઇ આનંદદાયક મિત્ર નથી.

૧૨. ગુસ્સાના જોસમાં પણ પારકાનું ભુંડું ઈચ્છો નહિ.

૧૩. ખરો ધર્મ જાતિના નિયમો પાળવામાં છે.

૧૪. ઊંચામાં ઊંચી જાતિનો હંમેશાં અભ્યાસ કરો.

૧૫. સારા વિચારોની મીઠી સુગંધ સિવાય બીજાં અત્તરો વાપરો નહિ.

૧૬. તમે ઊંચા હો તો પણ તમારાથી હલકાને ભુલી જાઓ નહી.

૧૭. મનને આનંદમાં રાખવાનો ખરો ઉપાય સંતોષ છે.

૧૮. ખરો ખજાનો દાન કરવાથીજ ભરી શકાય છે. આ ખજાનો હંમેશાં સલામત જ હોય છે, તે

નાશ પામતો નથી. પરલોકમાં જતી વેળા આ ખજાનો સાથે રહે છે. કોઈ આ ખજાનાને નુકસાન કરી શકતું નથી કે ચોર ચોરી શકતા નથી.

૧૯. આત્મપરીક્ષા દુઃખદાયક હોય છે.

૨૦. સો વખત ખરાબ કૃત્ય કર્યું હોય, તો પણ તે ફરી કરો નહી.

૨૧. જેને ગુસ્સે થવાનું કારણ મળ્યું હોય તો પણ ગુસ્સે થતો નથી તેણે મોટો વિજય મેળવ્યો છે.

૨૨. ફુલ જેમ દેખાવમાં સારૂં હોય પણ સુગંધ વગર નકામું છે. તેમ જે માણસ મીઠું મીઠું બોલે છે પણ તે પ્રમાણે વર્તતો નથી તે નકામો છે.

૨૩. જેનું મન પોતાના કાબુમાં છે તેજ સુખી છે.

૨૪. સારા માણસોની સોબત આ દુનિયામાં ઘણી જરૂરની છે.

૨૫. ખરી બહાદુરી આપણાં ચારીત્ર્યને ઉચ્ચ બનાવવામાં છે.

૨૬. જે માણસ સદ્‌ગુણોથી યુક્ત છે તેજ ખરે-ખરો શ્રીમંત છે.

૨૭. ઈશ્વરમાં શ્રદ્ધા હોવી એજ મોટામાં મોટું નશીબ છે.

૨૮. દુઃખમાં જેનું મન મુંઝાતું નથી અને સુખમાં જે સંતોષી રહે છે, જે ચિંતા, ભય અને ક્રોધ વગ-રનો છે તે મુનિ કહેવાય છે.

૨૯. આપણેજ આપણા પોતાના મિત્ર અથવા શત્રુ છીએ. જેણે મન જીત્યું છે તે પોતાનો મિત્ર છે અને જેણે મન નથી જીત્યું તે પોતાનો દુશ્મન છે.

૩૦. ક્રોધને ક્ષમાથી જીતો, દુષ્ટને પ્રમાણિકતાથી જીતો, લોભીને ઉદારતાથી જીતો અને જૂઠાણાંને સત્યથી જીતો.

૩૧. એક ક્ષણનો પણ સજજનોનો સત્સંગ સંસાર રૂપી સાગર તરવામાં હોડી થઇ પડે છે.

૩૨. જેઓ અભ્યાસ કરે છે તેમને મૂર્ખતા નથી,

જપ કરે છે તેમને પાપ નથી, મૌન હોય છે તેમને ક્લેશ નથી અને જેઓ જાગૃત હોય છે તેમને ભય નથી.

૩૩. યોગ્ય મનુષ્યને દાન આપવું એ હાથનું ઘરેણું છે, ગુરૂને નમસ્કાર કરવા એ મસ્તકનું ઘરેણું છે, સત્ય બોલવું એ મુખનું ઘરેણું છે, સારી વર્તણુંક એ હૃદયનું ઘરેણું છે, અને ઇશ્વરનું જ્ઞાન થવું એ વિદ્યાનું ઘરેણું છે. મહાત્માઓના ઉપર કહેલાં ઘરેણાં છે.

દુઃખ.

૧. જેનો બાપ કરજ કરે છે તેનો પુત્ર દુઃખી છે, જેના પુત્રની ચાલ ચલગત ખરાબ છે તે બાપ દુઃખી છે, અને જેનો પતિ બેવફા છે તે સ્ત્રી ખરેખરી દુઃખી છે.

૨. જે પૈસાદાર છે પણ સંતોષી નથી, તે ગરીબના જેટલો દુઃખી રહે છે.

૩. જેઓ મારી (ઇશ્વર) પાસે આ દુનીઆનાં

સુખોની માગણી કરે છે તેમના જેવો બીજો કોઈ દુઃખી નથી.

૪. જે ઇશ્વરની ભક્તિ કરતો નથી તેનો આ દુનીઆમાં અથવા પરલોકમાં કયાંય ઉદ્ધાર નથી.

૫. જે લોકો લોભી અને હલકા મનના છે, જે માત્ર પોતાનાં શરીરનાં સુખોનીજ દરકાર રાખે છે અને જે લોકો અદેખા અને વેરથી ભરેલા છે તે મને એટલે ઈશ્વરને સમજી શકતા નથી.

૬. નર્કનાં દ્વાર ત્રણ છે—કામ, ક્રોધ અને લોભ.

૭. આ દુનીઆનાં સુખોની તૃષ્ણા રાખવી એ ખરાબમાં ખરાબ પાપ છે અને બધાં દુઃખોનું કારણ છે.

૮. જે ખરાબ રસ્તે ચાલે છે તેને સગો ભાઇ પણ તજી દે છે.

ક્ષમા.

૧. ક્ષમા આલોક અને પરલોક બન્નેમાં સુખ આપનારી છે.

૨. ક્ષમા એ મોટામાં મોટો ગુણ છે.

૩. આપણી મોટામાં મોટી ફરજ એ છે કે કોઈ પણ પ્રાણીને ઇજા ન કરવી.

૪. ક્ષમા એ નબળાનું જોર છે, બળવાનનું તે ઘરેણું છે, આ દુનિઆમાં ક્ષમા બધાંને વશ કરી શકે છે. ક્ષમાથી શું નથી થઇ શકતું ?

૫. ક્ષમા એ મોટું દાન છે, ક્ષમા એજ સત્ય છે, ક્ષમા એજ યજ્ઞ છે, ક્ષમા એજ કીર્ત્ત છે, ક્ષમા-માંજ બધા સદ્ગુણોનો સમાવેશ થાય છે, એટલુંજ નહિ પરંતુ આ દુનિઆનો પાયોજ ક્ષમા છે.

૬. ક્ષમાના જેવું બીજું તપ નથી, સંતોષના જેવું બીજું સુખ નથી, લોભના જેવો બીજો રોગ નથી, અને દયા જેવો બીજો ધર્મ નથી.

૭. ક્ષમા એ વિદ્વાન માણસની શોભા છે.

પરોપકાર.

૧. પ્રાણ અને ધન વડે પણ પરોપકાર કરવો કારણ કે પરોપકારના જેવું પુણ્ય થતું નથી.

૨. સૂરજ, ચંદ્ર, વરસાદ, ઝાડ, નદી, ગાય અને સજ્જનોને ઈશ્વરે પરોપકાર માટેજ બનાવેલાં છે.

૩. જે માણસ પરોપકાર નથી કરતો તેના કરતાં ઘાસ પણ વધારે સારૂ છે, કારણ કે જનાવરોનું તે પોષણ કરે છે અને લડાઇમાં ભય પામેલાને બચાવે છે.

૪. પરોપકાર રહિત મનુષ્યને ધિક્કાર છે. પશુઓને ધન્ય છે, કે જેઓનું ચામડું પણ ઉપકાર કરશે.

૫. ઝાડ પારકાને માટેજ ફળો પેદા કરે છે, નદી પારકાના ઉપયોગ માટેજ વહે છે, ગાય પારકાને માટે જ દુઝે છે અને આપણું શરીર પણ પરોપકાર માટે જ છે.

૬. તમારા હાથેથી અગર તમારા ઘરમાંથી કંઇ ભલે ન આપો, પણ પરોપકાર અર્થે બે શબ્દો બોલવામાં લોભ શા માટે કરો છો.

૭. પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને જે પરોપકાર કરે તે ઉત્તમ મનુષ્યો છે; પોતાનો સ્વાર્થ સાચવીને પછી જે પરોપકાર કરે છે તે સાધારણ મનુષ્યો છે.

પોતાના સ્વાર્થ માટે જે પારકાનું હીત બગાડે છે તે મનુષ્યો રાક્ષસો સમાન છે, અને કંઇ પણ કારણ વગર પારકાનું હીત બગાડે છે તેને શું ઉપમા આપવી તે કહી શકાય તેવું નથી.

૮. સજ્જનો પૈસો મેળવે છે તે પરોપકાર માટેજ મેળવે છે.

૯. સતપુરૂષોની સંપતી દુઃખીના દુઃખ નીવારણને માટેજ હોય છે.

૧૦. મહાત્માઓને આખી પૃથ્વીના જીવો પોતાના કુટુંબી જેવા છે.

૧૧. મહાત્મા પુરૂષ પૈસાને તૃણ જેવો ગણે છે.

ઉદ્યમ.

૧. ઉદ્યમથી કામ પાર પડે છે. માત્ર વિચાર કરવાથી કંઈ કાર્ય સિદ્ધ થતું નથી. જેમકે સીંહ સુતો હોય તો તેના મોઢામાં કાંઇ હરણ આવીને પડતો નથી તે તો પોતે ઉઠીને ઉદ્યમ કરે ત્યારેજ ખાવાનું મળે છે.

૨. ઉદ્યમ જરૂર કરવો કારણ કે તેથીજ ફળ મળે છે. બીલાડીને ઘેર ગાય હોતી નથી, પરંતુ તે ઉદ્યમ કરે છે તો દરરોજ દુધ પીએ છે.

૩. જે માણુસ ઉદ્યમ નથી કરતો અને નશીબ ઉપર આધાર રાખીને બેસે છે તે પથ્થરના ઘડેલા સીંહ જેવો છે. તેના માથા ઉપર કાગડા પણ આવીને બેસે છે.

૪. જેમ એકજ પૈડાથી ગાડી ચાલતી નથી તેમ ઉદ્યમ વગર એકલું નશીબ પણ કંઇ કામનું નથી માટે કેવળ નશીબ ઉપર આધાર ન રાખતાં ઉદ્યોગ કરવો.

૫. મનુષ્ય એકલોજ હોય, ઘરબાર વગરનો હોય, તો પણ જો ઉદ્યોગી હોય તો તે લક્ષ્મી મેળવે છે.

૬. લીધેલું કામ પાર પાડવું એજ સારા માણસોનું વ્રત છે.

ક્રોધ.

૧. ક્રોધને પ્રેમથી જીતો.

૨. જેણે ક્રોધને જીત્યો છે તેજ ડાહ્યા માણસ છે.

૩. ક્રોધ બધું ચોરી જાય છે. તપ, પંચ ઈંદ્રિના યજ્ઞથી અને દાનથી જે પુન્ય મેળવ્યું હોય છે તે ક્રોધ લુંટી લે છે, માટે દરેક ઉપાય વડે ક્રોધનો નાશ કરવો.

૪. આપણા શરીરની અંદર રહેલો ક્રોધ જેવો આપણો નાશ કરી શકે છે, તેવો નાશ તીક્ષણ તલવાર અથવા ક્રોધે ભરાયેલો સર્પ પણ કરતો નથી.

૫. ક્રોધ અનર્થનું મૂળ છે, ક્રોધ એ સંસારનું બંધન છે, ધર્મનો ક્ષય કરનાર પણ ક્રોધ છે માટે ક્રોધનો ત્યાગ કરવો.

૬. જેણે ક્રોધને જીત્યો છે તેણે આખી દુનિયા જીતી છે.

૭. ક્રોધથી માણસ પોતાનું માન ગુમાવે છે.

લોભ.

૧. લોભી માણુસ હોય છે તે ઇશ્વર, ગુરૂ, માબાપ કે મીત્રો કોઈની પણ સગાઇ રાખતો નથી.

૨. લોભજ બધાં દુઃખોનું મૂળ છે.

૩. જે ઝાડનાં મૂળ ઉખેડી નથી નાંખ્યાં તે ઝાડને કાપી નાંખ્યું હોય તો પણ ફરી ઉગે છે, જો લોભનું મૂળ કાયમ હોય છે તો દુઃખ ફરીથી જન્મ પામે છે.

૪. અસંતોષી માણસ હોય તેજ ખરેખરો ગરીબ છે.

૫. કીડીઓએ ભેગુ કરેલું ધાન્ય, માખીઓએ ભેગુ કરેલું મધ અને લોભીયાએ ભેગો કરેલો પૈસો એટલાનો સમૂળગો નાશ થાય છે.

૬. જેમ બીલાડી દુધને જુવે છે પણ પોતાના ઉપર પડવાનો લાકડીનો ઘા જોતી નથી, તેમ લોભી ધનને જુએ છે, પણ તેમાંથી દુઃખ થાય છે તે જોતો નથી.

૭. નમ્રતા (વિનય) તે વીર પુરૂષનું લક્ષણ (ભુષણ) છે.

૮. જે અતીથિનો સત્કાર નથી કરતો તેને ઘેર લક્ષ્મી રહેતી નથી.

૯. વડિલોની આજ્ઞાનો અમલ કરવામાં જરા પણ અનાકાની ન જોઈએ.

૧૦. ઉત્તમ મનુષ્યો જીવ જતાં પણ સજ્જનતા છોડતા નથી.

૧૧. વિનય બધા ગુણોમાં શ્રેષ્ટ છે.

પ્રકરણ ત્રીજું.

પ્રશ્નોત્તર માળા.

સવાલ—મોક્ષ વૃક્ષનું બીજ શું? જવાબ-ક્રિયા સહીત ઉત્તમ જ્ઞાન. સ૦ પંડિત કોણ? જ૦ વિચારવાન પુરૂષ. સ૦ મનુષ્યમાં ઈચ્છવા યોગ્ય શું? જ૦ બીજાના અને પોતાના હીતાર્થ જન્મનું સાર્થક કરવું તે. સ૦ દુઃખ કયું? જ૦ અસંતોષ. સ૦ લઘુપણું શું? જ૦ અધર્મી પાસે યાચના કરવી તે. સ૦ જાગતું કોણ? જ૦ વિચારવાન પુરૂષ. સ૦ કમળના પાંદડા પરના જળ જેવું ચંચળ કોણ? જ૦ જુવાની, ધન અને આયુષ્ય. સ૦ નરક શું? જ૦ પરતંત્રતા. સ૦ જીવીએ ત્યાં સુધી બાણની પેઠે સાલે શું? જ૦ છુપુ

પાપ. સ૦ યત્ન ક્યાં કરવો? જ૦ વિદ્યા અભ્યાસ જેવા વિષયમાં. સ૦ ત્યાગ કોનો કરવો? જ૦ દુષ્ટો અને પારકા ધનનો. સ૦ રાત્રી અને દીવસ શાનું મનન કરવું? જ૦ સાર અને અસાર શામાં છે તેનો. સ૦ દેવસરખો વંદવા યોગ્ય કોણ? જ૦ દયાવાન પુરૂષ. સ૦ લોકો કોને વશ રહે છે? જ૦ સત્ય, પ્રીય, અને નરમ ભાષણ કરનારને. સ૦ ક્યાં વાસો કરવો? જ૦ ન્યાયના માર્ગમાં કે સજ્જન સમીપે. સ૦ બહેરૂ કોણ? જ૦ જે હીતની વાત સાંભળે નહિ તે. સ૦ મૂંગો કોણ? જ૦ જેને સમય ઉપર પ્રીય ભાષણ કરતાં આવડતું નથી તે. સ૦ મિત્ર કોણ? જ૦ જે પાપી કર્મ કરતાં રોકે છે તે. સ૦ અલંકાર શું? જ૦ સારો સ્વભાવ. સ૦ વાણીનું ભુષણ શું? જ૦ સત્ય ભાષણ. સ૦ શોચનીય વાત કઇ? જ૦ પૈસા હોય છતાં લોભ. સ૦ કુટુંબનો સૂર્ય કોણ? જ૦ ગુણવાન છતાં નરમ હોય તે. સ૦ લક્ષ્મી કોને વરે છે? જ૦ આળસ ન રાખી, જે નીતિથી ચાલે છે તેને. સ૦ આંધળો કોણ?

જ૦ પરલોકનો જે વિચાર નથી કરતો તે. સ૦ કોની સભામાં ન જવું? જ૦ જે સભામાં ડાહ્યા મંત્રી ન હોય ત્યાં. સ૦ મોટામાં મોટો લાભ શો? જ૦ સારા માણસની સોબત. સ૦ સૌથી ખરાબમાં ખરાબ શું છે? જ૦ દુષ્ટોની સોબત. સ૦ મોટું નુકસાન શું? જ૦ પોતાની ફરજ ન બજાવવી તે. સ૦ ખરી શાંતિ શામાં? જ૦ સત્ય અને ન્યાયમાં. સ૦ ખરો બહાદુર કોણ? જ૦ જેણે ઇંદ્રિયો પર કાબુ મેળવ્યો હોય તે. સ૦ ખરૂં ધન શું? જ૦ વિદ્યા.

સત્ય વાક્યો.

૧. સંકટ સમયે કામ આવે તેજ ખરો મીત્ર છે.

૨. જેમ સોનાની પરીક્ષા ઘસવાથી, કાપવાથી, અગ્નિમાં તપાવવાથી અને હથોડીથી ટીપવાથી થાય છે તેમ મનુષ્યની પરીક્ષા તેની વાતચીત, સ્વભાવ, કુળ અને ચાલ ચલગતથી થાય છે.

૩. દુષ્ટ માણસોનો તે વિદ્યાવાન હોય તો પણ

ત્યાગ કરવો. સરપના મસ્તક ઉપર મણી હોય છે તો પણ માણસો તેનાથી દૂર નાસે છે.

૪. ચંદ્ર જેમ રાત્રીની શોભા વધારે છે, સૂર્ય જેમ દીવસની શોભા વધારે છે તેમ સારા સંતાનો (પુત્રો) પોતાના કુળની શોભા વધારે છે.

૫. આપણે મરણ પામીએ છીએ ત્યારે આખી જીંદગી પર્યંત મહા મહેનત કરી ભેગો કરેલો પૈસો ઘરમાંજ રહે છે. આપણા સગાં વાહલાં ને મીત્રો સ્મશાન સુધીજ આપણી સાથે આવે છે, પરંતુ પરલોકમાં તો આપણાં પાપ અને પુન્યજ સાથે આવે છે.

૬. જે માણસ સત્ય છે તેજ માતા, ન્યાય એજ પીતા છે, દયા તેજ સ્ત્રી છે, જે પારકાનું માન જાળવવામાંજ ખરી મીત્રતા સમજે છે, જેને ક્ષમા એજ પોતાનું સંતાન છે, આવાં સગાંઓથી વીંટાયેલો જે મનુષ્ય છે તેને કોઈની બીકજ નથી.

૭. ગાળ આપવાથી જનાવરોને દુઃખ થાય છે, તો મનુષ્યને દુઃખ થાય તેમાં શી નવાઈ.

૮. બીજાના દોષો જોવા સ્હેલા છે, પોતાના દોષો જોવા ઘણા મુશ્કેલ છે.

૯. દુષ્ટ કૃત્યો કરી જીવવું તેના કરતાં સારાં કામો કરતાં મરવું તે શ્રેય છે.

૧૦. ખરૂં દાન તેજ કહેવાય કે જેમાં બદલાની આશા ન રાખી હોય.

૧૧. આપણા ખરાબ વિચારો અને આપણે બોલેલા ખરાબ શબ્દો આપણનેજ નુકસાન કરે છે.

૧૨. મુરખ માણસ હું એકલો છું એમ ધારીને પાપ કરે છે પરંતુ દુનિયામાં તદ્દન એકાંત સ્થળ છે જ નહી. ખરાબ કામનો સાક્ષી. તો આત્માજ પુરે છે કે જે બીજા માણસ કરતાં વધારે ચાલાક છે.

૧૩. બધાં પ્રાણીયોને મારનો ડર હોય છે, બધાંને જીંદગી વહાલી હોય છે તેથી તેમને તારા જેવા ગણ અને તેમને મારવા કે હિંસા કરવી નહી.

૧૪. દુઃખ સહન કરવાની શક્તિ તેજ ધીરજ છે.

૧૫. મનને મારવું તેજ ખરો તપ છે.

૧૬. જીવતાં પ્રાણીઓને દુઃખ ન દેવું તેજ પરમ દાન છે.

૧૭. યુદ્ધમાં લડવું તે સહેલું છે પણ અભીમાન અગર ગર્વ રાખ્યા શિવાય દાન આપવું તે સહેલું નથી.

૧૮. પવીત્ર રહો ને દુનીયા ઉપર પ્રેમ રાખવો ને પરોપકાર કરવો.

૧૯. સ્નેહ વગર સગા ભાઇનો પણ ત્યાગ કરવો તો પછી બીજા દુષ્ટ લોકોનો ત્યાગ કરવો તેમાં શી નવાઇ.

૨૦. કોઇની કાંઇ પણ વસ્તુ ઉપાડી જવી નહી, મર્મ વાકય બોલવું નહી, અને હમેશાં ઇશ્વરનું ધ્યાન ધરવું; આથી જીંદગી આનંદમાં જાય છે.

૨૧. જે માણસ પારકાનું ભુંડુ ઇચ્છે છે તે ખરાબ બુદ્ધિવાળાનું પોતાનુંજ ભુંડુ થાય છે. પુતના કૃષ્ણનો વધ કરવા ગઇ તો પોતેજ મરણ પામી.

૨૨. આપણે મુશ્કેલીમાં હોઇએ તો પણ ધીરજ ન છોડવી. કારણ કે ધીરજ રાખ્યાથી કોઈ દિવસ સારી સ્થિતિ પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે સમુદ્ર આવો

મોટો છે તો પણ ખલાસીઓ ધીરજ રાખી તેને તરી શકે છે.

૨૩ પુરો ભરેલો ઘડો શબ્દ કરતો નથી, પણ અધુરો ઘડો અવાજ કરે છે. તેવી રીતે વિદ્વાન અને સારાં કૂળનો માણસ અભીમાન કરતો નથી, પણ ગુણ વગરના માણસો ગર્વ કરે છે.

૨૪ નમ્રતા (વિનય) તે વીર પુરૂષોનું લક્ષણ છે.

૨૫ જે અતીથિનો સત્કાર નથી કરતો તેને ઘેર લક્ષ્મી રહેતી નથી.

૨૬ વડિલોની આજ્ઞાનો અમલ કરવામાં જરા પણ આનાકાની ન જોઇએ.

૨૭ ગુણવાન મનુષ્યોમાં પૂજ્ય વસ્તુ તેમના ગુણો છે. નહિ તેમની જાતી કે નહી તેમની ઉંમર.

૨૮ ઉત્તમ મનુષ્યો જીવ જતાં પણ સજ્જનતા છોડતા નથી.

૨૯ મોટા પર્વત પરથી પડી પથરોમાં અથડાઇ મરણ પામવું સારૂં, તીક્ષણ દાંતવાળા ઝેરી સર્પના

મુખમાં હાથ ઘાલવો તે પણ સારૂં, અગ્નિમાં ઝંપલાવવું તે પણ સારૂ, પણ સદાચરણનો નાશ કરવો નહી.

૩૦ માણુસ જેમ જેમ સત્પુરૂષોની નિંદા કરે છે તેમ તેમ પોતે વધારે દુઃખી થાય છે. આકાશ તરફ આપણે પથરો ફેંકીએ તો તે આપણા માથા પરજ પડે છે.

૩૧ પક્ષીઓમાં કાગડો ચંડાળ છે, પશુઓમાં મરઘો ચંડાળ છે, મુનિઓમાં ક્રોધ ચંડાળ છે અને મનુષ્યોમાં નિંદા કરનાર ચંડાળ છે.

૩૨ જેઓ પોતે પોતાની જાતીથી પ્રસિદ્ધિ મેળવે છે તે ઉત્તમ જાણવા. પિતાથી પ્રસિદ્ધિ મેળવે છે તે મધ્યમ જાણવા. મોસાળ કે શ્વસુર પક્ષથી પ્રસિદ્ધિ મેળવે છે તે અધમમાં અધમ જાણવા.

૩૩. અધમ પુરૂષો પાસે યાચના કરીએ અને તે ફળીભૂત થાય તેના કરતાં ગુણવાન પુરૂષો પાસેની યાચના ફોગટ જાય તો તે વધારે સારૂ છે.

જ્યાં સુધી બહિરાત્મ ભાવ છે ત્યાં સુધી પશુ અવસ્થા જાણવી.

અન્તરાત્માને સુવર્ણ અગર પાષાણ ઉપર સમ દ્રષ્ટિ રહે છે તેમ શત્રુ અગર મિત્ર ઉપર પણ સમ દ્રષ્ટિ રહે છે. વંદક અને નિંદક ઉપર સમદ્રષ્ઠિ રહે છે.

અન્તરાત્મા દુષ્ટોની સંગતિ ત્યાગ કરે છે અને વિકલ્પ સંકલ્પના કારણનો ત્યાગ કરે છે.

અન્તરાત્મા સ્ત્રીને વિષ્ટાની કોથળી સમાન ગણે છે.

અન્તરાત્મા સ્ત્રી, ધન પુત્ર પરિગ્રહ અને પાપ, આરંભનો ત્યાગ કરે છે વા ત્યાગ કરવા ઇચ્છે છે.

બહિરાત્મા સ્ત્રી ધન પુત્ર પરિગ્રહની વૃદ્ધિ કરવા અનેક પ્રકારના યત્ન કરે છે.

અન્તરાત્મા સંસાર થકી ન્યારો રહે છે.

બહિરાત્મા સંસારમાં જળમાંના કાદવની પેઠે તેમાંજ મગ્ન રહે છે.

અન્તરાત્મા સંસારના પદાર્થોને નાશવંત દેખે છે અને બહિરાત્મા તેજ પદાર્થોને અચળ દેખે છે.

અન્તરાત્મા જગત્‌ની મોટાઇમાં લોભાતો નથી, અને બહિરાત્મા જગત્‌ની ખોટી મોટાઇમાં લોભાય છે.

અન્તરાત્મા ગુણીના ઉપર ખુશી થાય છે, અને બહીરાત્મા ગુણી જનમાંથી છિદ્ર જોવા પ્રયત્ન કરે છે.

અન્તરાત્મા અપરાધી ઊપર ક્ષમા કરે છે અને બહિરાત્મા અપરાધીને દુ:ખ દેવા ઈચ્છે છે.

અન્તરાત્મા કર્મ થકી છુટતો જાય છે, અને બહિરાત્મા કર્મ થકી લેપાતો જાય છે.

અન્તરાત્મા અંતરમાં દેખે છે, અને બહિરાત્મા બહાર દેખે છે.

અન્તરાત્મા સંતોષ ધારણ કરે છે, અને બહિરાત્મા લોભ ધારણ કરે છે.

અન્તરાત્મા અંદરનું ધન એટલે આત્માનું ધન ખોળે છે, શોધે છે, અને બહિરાત્મા બાહિરનું ધન ખોળે છે.

અન્તરાત્મા પોતાનામાં સત્તાએ રહેલા (પરમા-ત્માનું) ધ્યાન ધરે છે અને બહિરાત્મા પર વસ્તુનું

ધ્યાન ધરે છે.

અન્તરાત્મા જેથી છુટે છે તેથી બહિરાત્મા બંધાય છે. ઇત્યાદિ અન્તરાત્મા અને બહિરાત્માનાં લક્ષણ જાણવાં.

ભજન.

[જાય છે જગત ચાલ્યું રે—એ રાગ.]

ભજન ભુલ્યો તે માટે દુઃખ માંહી ડુલ્યોરે. ભજન ભુલ્યે. ટેક. નીતિનો પ્રવાહ તોડી, અનીતિનો પંથ જોડી; સાખ ભરી મેં તો કુડીરે, ભજન ભુલ્યો. ॥ ૧ ॥ ચોરી જારીનાં કામ કીધાં, અણહુતા આળ દીધા; દુષ્ટ કર્મ મેં તો કીધાંરે, ભજન ભુલ્યો. ॥ ૨ ॥ નરક નીગોદમાં ભમીયો, અનંતા હું દુઃખ ખમીયો; સાચો ધર્મ તે મેં વમીયોરે, ભજન ભુલ્યો. ॥૩॥ હિંસા ધર્મમાં શું રાચો, મીથ્યા પાખંડ જાણો કાચો; એક દયા ધર્મ જાણો સાચોરે, ભજન ભુલ્યો. ॥ ૪ ॥ મીથ્યાત્વ મતને મેલો ત્યાગી, ભ્રમણા થકી જાવો ભાગી; ધર્મ કરવા ઊઠો

જાગીરે, ભજન ભુલ્યો. ॥ ૫ ॥ ઓગણીસે એકાસીની સાલે, આસો માસ ચોમાસુ ચાલે; બીજ અજવાળી હાલેરે, ભજન ભુલ્યો. ॥ ૬ ॥ કલોલ ગામ નામ છે સારૂ, ધર્મી જીવને સુખ છે સારૂ; ગજમુનીને લાગે પ્યારૂરે, ભજન ભુલ્યો. ॥ ૭ ॥

[માથે કોપી રહો છે કાળરે—એ રાગ.]

કામે મદે ભરેલું છે અંગરે, સારૂ થાય શી રીતે. નથી કર્યો સાધુજીનો સંગરે, સારૂ૦ ॥ ૧ ॥ દેવગુરૂની નથી કીધી સેવરે, સારૂ૦ સાત વ્યસનની પડી છે ટેવ રે, સારૂ૦ ॥ ૨ ॥ નથી સાચા તણો કીધો સંગરે, સારૂ૦ લીધી પ્રતીજ્ઞા કીધી ભંગરે. સારૂ૦ ॥ ૩ ॥ નથી કર્યો નીત્ય નીયમનો ચાલરે. સારૂ૦ ખાવા તાકે મફતનો માલરે. સારૂ૦ ॥ ૪ ॥ નથી દીધાં સુપાત્રે દાનરે. સારૂ૦ નથી આપ્યાં સંતોને માનરે. સારૂ૦ ॥ ૫ ॥ મીથ્યા ભર્મમાં મોહ્યું મનરે. સારૂ૦ ખાવા જોઈએ સારૂ સારૂ અનરે. સારૂ૦ ॥ ૬ ॥ તારે કાજે

કહે છે ગજરાજરે. સારૂ૦ નથી કીધો પરમારથ કાજરે સારૂ૦ ॥ ૭ ॥

પ્રકરણ ચોથું.

(દોહરા.)

કર્મકલંક નિવારીને, થયા સિદ્ધ મહારાજ; મન વચન કાયે કરી, વંદુ તેને આજ. ॥ ૧ ॥ ચાર ઘાતીયાં ક્ષય કરી, જેણે લીધા ચાર; તે જીનવરને વંદીને, દુહા સંગ્રહ કરૂં આવાર. ॥ ૨ ॥ ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ; સુદ્ધાતમ ચિંતન કરી, સહજ સિદ્ધ થઇ જાય. ॥ ૩ ॥ ત્રિવિધ આત્મા જાણીને, તજ બાહિરાત્મરૂપ; થઇ તું અંતર આત્મા, ધ્યા પરમાત્મ સ્વરૂપ. ॥ ૪ ॥ મિથ્યા દર્શન વસ ફસી, ધરે અહં મમકાર; જીનવર બાહિર આત્મ કહે, તે ભમશે સંસાર. ॥ ૫ ॥ નિજપરનો અનુભવ કરી, પર તજી ધ્યાયે આપ; અંતરાત્મા જીવ તે, નાશ કરે ત્રય તાપ.

॥ ૬ ॥ પર મઈ માને આપજો, તો ભવ ભ્રમણ ન જાય; જો જાણે નીજ રૂપને, તવ પોતે શિવ થાય. ॥ ૭ ॥ તન મંદીરમાં જીવજીન, મંદિર મૂત ન દેવ; રાજા ભીક્ષાર્થે ભમે, એવી જનને ટેવ. ॥ ૮ ॥ નથી દેવ દેરાં વિષે, છે મૂર્તિ ચીત્રામ; જ્ઞાની જાણે દેવને, મુરખ ભમે બહુ ઠામ. ॥ ૯ ॥ ખરો દેવ છે દેહમાં, જ્ઞાની જાણે તેહ; તીરથ દેવાલય દેવ નહિ, પ્રતિમા નિશ્ચે હોય. ॥ ૧૦ ॥ તીરથ ને દેહરાં વિષે, નિશ્ચેય દેવ ન જાણ; જીનગુરૂ વાણી એમ કહે, દેહમાં દેવ પરમાણ. ॥ ૧૧ ॥ મન ન ઘટે આયુષ્ય ઘટે, ન ઘટે ઈચ્છા આસ; તૃષ્ણા મોહ સદા વધે, તેથી ભમતો ખાસ. ॥ ૧૨ ॥ જેમ રમતુ મન વિષયમાં, તેમ જો આતમ લીન; ક્ષણમાં શિવ સંપદ વરે, ન ધરે દેહ નવીન. ॥ ૧૩ ॥ જે સમતામાં લીન થઇ, કરે અધિક અભ્યાસ; અખીલ કર્મ તે ક્ષય કરી, પામે શિવપુર વાસ. ॥ ૧૪ ॥ જન્મ મરણ દુઃખથી ડરી, કર ધર્મોષધિ પાન; પામીશ તું આવનાશીતા, વળી સુખમય નિજ

જ્ઞાન. ॥ ૧૫ ॥ મલઘટ સમ અતિ મલીન તન, નિર-
મલ આતમ હંસ; એવો અનુભવ કર સદા, જાય
કર્મનો વંસ. ॥ ૧૬ ॥ જીવ દેહ બે ભિન્ન છે, ભિન્ન
સકલ વ્યવહાર; તજ પર પુદ્‌ગલ જીવલે, તો પામે
ભવપાર. ॥ ૧૭ ॥ આતમ ધ્યાને દેહમાં, જે દેખે નિજ
રૂપ; જન્મ ધરી નવ પય પીયે, થાય સીવપુર ભુપ.
॥ ૧૮ ॥ તજી કલ્પના જાલ સૌ, પરમ સમાધિવંત;
આતમ ધ્યાને થઇ, પામે સુખ અનંત. ॥ ૧૯ ॥ દેહ
ગેહ ધન ધાન્યને, પર જડ પુદ્‌ગલ જાણ; જ્ઞાતા દસ્ટા
આપતું, ચેતન સુખ ગણ ખાણ. ॥ ૨૦ ॥ વીણ ઇચ્છા
સુચિ તપ કરે, રહે નીજ ગુણમાં આપ; નિશ્ચેય પામે
પરમ પદ, તપે ન ફરી ભવ તાપ. ॥ ૨૧ ॥ લખ-
ચોરાસી યોનીમાં, ભમ્યો કાલ અનંત; સમ્યક્ રત્ન
ત્રયવિના, થયો ન ભવનો અંત. ॥ ૨૨ ॥ સુદ્ધાત્માને
મુક્તતા, જો તું ઇચ્છે આપ; સ્વાત્મા જાણી અનુભવો,
તોજ મટે સંતાપ. ॥ ૨૩ ॥ પરખીલો નિજ ભાવને,
ત્યાગ કરી પરભાવ; તો જીનવર એવું કહે, નિશ્ચે મોક્ષ

જાવ. ॥ ૨૪॥ એક સચેતન જીવ છે, અન્ય અચેતન જાણ; ચેતનને ધ્યાવો સદા, તો પામો નિરવાણ. ॥૨૫॥ સબસે મીઠું બોલીએ, સુખ ઉપજે સબ ઠોર; વશીકરણ એ મંત્ર હે, તજીએ વચન કઠોર. ॥ ૨૬ ॥ સત સાધન શોધ્યો નહિ, ગયો ન અંતર કલેશ; તપ કરીને તન ગાલીયું, વૃથા વગોવ્યો વેશ. ॥ ૨૭ ॥ રાગદ્વેષ દો બીજ હે, કર્મ બંધકા પાસ; એ દોનો નીરમુલ ભયે, તબ હોય મુગાત વાસ. ॥ ૨૮ ॥ સમદૃષ્ટિ શીતલ સદા, જાકી અદ્ભુત ચાલ; એસા સદ્ગુરૂ કીજીયે, પલમેં કરે નિહાલ. ॥ ૨૯ ॥ શત્રુ મીત્ર દો સમહે; નહી પુદ્ગલસે પ્રીત; આપ સમ જાણે અવર, એ સમકીતકી રીત. ॥ ૩૦ ॥ કબીરા સુતા ક્યા કરે, ઉઠી ન ભજો ભગવાન; જમ ઘેર જબ લે જાયગે, પડયા રહેગા મ્યાન. ॥ ૩૧ ॥ કબીરા સબ જગ નીરધના, ધનવંતા નહી કોઇ; ધનવંતા સોઈ જાણીયે, રામ નામ ધન હોય. ॥ ૩૨ ॥ કબીરા હરીકે મીલનકી, વાત સુણી હમ દોય; કંઈ કછુ હરીકો નામ લે, કઇ કર ઉંચા

હોય. ॥ ૩૩ ॥ સાચ બરોબર તપ નહી, જુઠ બરાબર નહી પાપ; જાકે હરદે સાચહે, તાકે હરદે આપ. ॥ ૩૪ ॥ પરધન પથર જાણીયે, પર સ્ત્રી માત સમાન; એટલું કરતાં હરી ન મલે, તુલસીદાસ જમાન. ॥૩૫॥ રામ નામકો આળસુ, ભોજનકો હુંશીયાર; તુલસી એસા મનુષ્યકો, વારંવાર ધીકાર. ॥ ૩૬ ॥ ચાર પોહર ધંધો કરે, ચાર પોહર રહે સુઈ; રામ નામ ઘડી ના લીયો, મુક્તી કહાંસે હોઇ. ॥ ૩૭ ॥ મેં જાણ્યું હરી દુરહે, હરી છે હ્રદયા માંહિ; આડી ત્રાટી કપટકી, તાસત દીસત નાહિ. ॥ ૩૮ ॥ લોભ પાપકો મૂળ છે, નરક મૂળ અભીમાન; જો તરનેકુ ચાહોતો, છોડ લોભ અભીમાન. ॥ ૩૯ ॥ દાન સમાન સુ પુન્ય નહિ, ભજન સમો નહી જાપ; સત્ય સમાન સુ ધર્મ નહિ, જુઠ સમો નહી પાપ. ॥ ૪૦ ॥ કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ; અવસર વિત્યો જાતહે, ફીર કરેગો કબ. ॥ ૪૧ ॥ કવિતા ટોટી કોટહે, શીરકે મુંડે કોટ; મનકે મુંડે દેખકર, તાસંગ લીજે ઓટ. ॥૪૨॥

મસ્તક મુંછ મુડાયકે, કાયા ઘાટમ ઘોટ; મનકુ કાહે ન મુડીયું, જામે સબહી ખોટ. ॥ ૪૩ ॥ સબી રસાયન દેખીએ, હરીસા એક ના હોય; રતી એક ઘટમેં સંચરે, શબ તન કંચન હોય. ॥ ૪૪ ॥ ચાર ચિન્હ હરી ભગતકે, પ્રગટ દીખાઇ દેત; દયા ધર્મ આધિનતા, પર દુઃખકો હરલેત. ॥ ૪૫ ॥ એક ઘડી આધી ઘડી, ભાવ ભજનમાં જાય; સતસંગ પલહી ભલી, જમકા ધક્કા ના ખાય. ॥ ૪૬ ॥ કબીર સેવા દો ભલી, એક સંત એક રામ; રામહે દાતા મુક્તિકા, સંત જપાવે નામ. ॥ ૪૭ ॥ તુલસી આ સંસારમાં, સર્યો ના એકે કામ; દુગ્ધામાં દોનું ગએ, માયા મીલી ના રામ. ॥ ૪૮ ॥ જેસી નિત હરામમેં, તેસી હરમેં હોય; ચલા જાય વૈકુંઠમેં, પલ્લા ન પકડે કોય. ॥ ૪૯ ॥ માયા એસી ડાકણી, ખાયા સબ સંસાર; એક ન ખાયો કબીરજો, રહ્યો રામ આધાર. ॥ ૫૦ ॥ અગ્નિ પાસે તાપતાં તાપજ લાગે જેમ; સદ્ગુરૂ વાણી સુણતાં, અનુભવ જાગે તેમ. ॥ ૫૧ ॥ લઘુતાસે પ્રભુતા મીલે, પ્રભુતાસે

પ્રભુ દૂર; કીડી જો મીસરી ચુંગે, ગજ શીર ડાલે ધૂળ. ॥ ૫૨ ॥ કબીર મુખ સોહી ભલા, જો મુખ નિકલે રામ; જો મુખ રામ ન નીકલે, સો મુખ હોય કિસ કામ. ॥ ૫૩ ॥ નહિ મુક્તિ આકાશમેં, નહિ ભુતલ પતાલ; જબહી મન આશા તજે, તબહી મુક્ત રસાલ. ॥ ૫૪ ॥ પરનારી પરધન વિષે, વૃત્તિ ધરી વિષ તુલ્ય; શ્વાસોશ્વાસે પ્રેમથી, રહીએ રામ અમુલ્ય. ॥ ૫૫ ॥ આત્મદૃષ્ટિ જાણે નહિ, નાહવે પ્રાતઃકાલ; લોકલાજ વિધ સહુ કરે, લગા ભશ્મ કપાલ. ॥ ૫૬ ॥ તીરથ ઔર સબ વ્રત કરે, ઊંડે પાણી ન્હાય; રામનામ નહિ જપે, કાલ ગ્રસી લે જાય. ॥ ૫૭ ॥ કાશી કાંઠે ઘર કરે, ન્હાવે નિર્મલ નીર; મુક્ત નહિ હરી નામબિન, યું કહે દાસ કબીર. ॥ ૫૮ ॥ નિરાકાર હરીરૂપ હે, પ્રેમ પ્રીતસો સેવ; જો માગે આકાર તો, સંતો પ્રત્યક્ષ દેવ. ॥ ૫૯ ॥ સંતવૃક્ષ હરિનામ ફલ, સતગુરૂ શબ્દ વિચાર; એસે હરિજન નાહતે, તો જલમલ તે સંસાર. ॥૬૦॥ બંધેસે બંધા મિલા, છુટે કૌન ઊપાય; સંગત કીજે

નિર્બંધકી, પલમે દીયે છુડાય. ॥ ૬૧ ॥ કડછી ભોજ-નમેં ફરે, પણ ચાખે નહિ સ્વાદ; આત્મ અનુભવ બિન જીવ, પામે નહિ શિવ સુખ. ॥ ૬૨ ॥ મુખકુ મંજન સતવચન, બીના તંબોલી રંગ; શીયળ સમો આભરણ નહી, દયા સમો નહિ ધર્મ. ॥ ૬૩ ॥ ઊરમાં સન્મતિ ઉપજે, દુર્ગૂણ દૂર પલાય; જેમ પ્રભાકર પ્રગટતાં, તરત તીમર સહુ જાય. ॥ ૬૪ ॥ ઘર છોડયા તો ક્યા ભયા, તજ્યા ન માયા સંગ; સપ તજે જ્યું કાંચળી, પણ વીષ ન તજે શરીર; ॥ ૬૫ ॥ કદાપી તજે કામની, કંચન તજ્યો ન જાય; કંચન કામની દોનુ તજે, જીભામાં લપટાય. ॥ ૬૬ ॥ મનકે હારે હારહે, મનકે જીતે જીત; મન મીલાવે રામકુ, મનહી કરે ફજીત. ॥ ૬૭ ॥ કામ ક્રોધ લોભ ને તૃષ્ણા; અંતરમાં ઊભરાય; અંતે તાહારી દુષ્ટ દશા છે, રંક હોય કે રાય. ॥ ૬૮ ॥ નયના તું મત રોઇયો, એ રોના કયા કામ; તેરા ભીતર રોયતો, સબ સમજેગો રામ. ॥ ૬૯ ॥ કીડા નરકનાં નર્કમાં, જન્મે તે

મરી જાય; તેમ વિષયનો જીવડો, વિષયમાં ગોથાં ખાય. ॥ ૭૦ ॥ મંત્ર તંત્ર ઔષધ નહિ, જેથી પાપ પળાય; વીતરાગ વાણી વિના, અવર ન કોઇ ઉપાય. ॥ ૭૧ ॥ વચન અમૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ; ઔષધ તે ભવરોગનાં, કાયરને પ્રતીકૂળ. ॥૭૨॥ જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહીત ન કોઇ; જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય. ॥ ૭૩ ॥ વિવિધ પ્રકારે કલ્પના, થાય સદા ઊરમાંય; રાગ અતિ વસ્તુ વિષે, કામી તેજ મનાય. ॥ ૭૪ ॥ ભક્તિ કરે શુભ નીતિથી, ભક્ત તેથી પરખાય; ડરે હૃદય મહા પાપથી, સંત દેખી હરખાય. ॥ ૭૫ ॥ કારણ દુઃખતણું ખરૂ, અસંતોષ ગણાય, લોભીજન દુઃખીયા સદા, એમ વદે જીનરાય. ॥ ૭૬ ॥ લઘુતા રાખો માનવી, લઘુતા છે હીતકાર; માન મળે લઘુતા થકી, સુણો સકળ નરનાર. ॥ ૭૭ ॥ સમતા ને સંતોષમાં, સુખ જેવું શ્રીકાર; નથી રમા (લક્ષ્મી) રામા (સ્ત્રી) વિષે, તેવું સુખ લગાર. ॥ ૭૮ ॥ પ્રતિવ્રતા પત્ની સદા, પતિભક્તિમાં લીન;

પતીને પરમાનંદમાં, રાખે ધરી આકીન. ॥ ૭૯ ॥ સત્ય શીયળ ચુકે નહિ, આવે કષ્ટ અપાર; દયા, ક્ષમા, સૌજન્યતા, સદ્‌ગુણનો ભંડાર. ॥ ૮૦ ॥ પતી સુખીયે સુખવાનને, પતિ દુઃખીયે દુઃખવાન; પાળે વચન પતિ તણા, પતિવ્રતા પહીચાણ. ॥ ૮૧ ॥ કુટીલતા અંતર ભરી, ક્રોધ તણો ભંડાર; પતીને સંતાપે અતિ, તે કુલટા નીરધાર. ॥ ૮૨ ॥ ભાન ભુલાવે આત્માનું, ચિંતા ચીતા સમાન; જ્ઞાનતંતુ બાળે સદા, કરે અતિ હેરાન. ॥ ૮૩ ॥ ચતુરાઇ ચુલે ચઢે, જ્ઞાન સહુ અળગુ થાય; ગુણ સઘળા દરીયે ડુબે, ચિંતા એવી કહાય. ॥ ૮૪ ॥ દાન શીયળ તપ ભાવના, ધર્મ ધરે ઉરમાંય; દુર્ગુણ સહુ દુરે કરે, ભવજળ એમ ઉતરાય. ॥ ૮૫ ॥ કવીજન તો વળી એમ કહે, કર્મજ મોટો હોય; માન પામે પરદેશમાં, ગાંજી ન શકે કોય. ॥ ૮૬ ॥ કર્મ જેનાં પાધરાં, તેને વશ સૌ લોક; કવીતા વાણી એમ કહે, કર્મ વિના સૌ ફોક. ॥ ૮૭ ॥ કામી વ્યાધી લોભીયો, મદ પીધો ભરપુર;

મરતો નર એ પાંચ જણુ, લજ્યા છોડે દુર. ॥૮૮॥ દિવસ ફરે તે સમે, વહાલાં વેરી થાય, રક્ષા કોણ કરે તીહાં, વાડ વેલને ખાય. ॥ ૮૯ ॥ સંયમ પાળે સિદ્ધ ભજે, શીયળ ન ખંડે રેખ, તબલગ મુક્તિ વેગળી, જબલગ રાગ ને દ્વેષ. ॥ ૯૦ ॥ જૈન મારગ પામ્યા પછી વર્તે વિષય કષાય, એક અચંબા એસા ભયા, જળમાં લાગી લાય. ॥ ૯૧ ॥ સાવ સોનાના નગર બના, પારસમણીકી પોળ; જીસઘેર સંતનકા પગલા નહિ, ત્યાં જમડા કરે ધમરોળ. ॥ ૯૨ ॥ જ્યાં જેની સમજણ નહિ, ત્યાં અંધારૂ ઘોર; હીરો તજી દઇ હાથથી, બાળક પકડે બોર. ॥ ૯૩ ॥ વેદ પઢન કવી ચાતુરી, સબ બાતો હે સહેલ; આભ ચઢન ઇંદ્રી દમન, કામ જીતન મુશ્કેલ. ॥ ૯૪ ॥ કીહાં જન્મા કીહાં ઊછર્યા, કીહાં લડાયા હે લાડ; તુલસી આ શરીરકા, કીહાં પડેગા હાડ. ॥ ૯૫ ॥ દયામાર્ગ નહી આદર્યો, હિંસામાં હરખાય; કામક્રોધ મદ મોહ ને, લાલચમાં લપટાય. ॥ ૯૬ ॥ મહા પુન્યથી પામીયો, માનવનો અવતાર; સફળ

કરીલે પ્રેમથી, કરી કાર્ય હિતકાર. ॥ ૯૭ ॥ છોડીદે નીજ હૃદયનું, ગાફલપણું ગમાર; સાવધાન થા ચિત્તમાં. તરવા આ સંસાર. ॥ ૯૮ ॥ શાતા કરજે સર્વને, કરી ભલા ઉપગાર; ચાર તીર્થની ભક્તિથી, પામીશ ભવનો પાર. ॥ ૯૯ ॥ દાન શીયળ તપ ભાવના, સેવી ઉત્તમ ધર્મ; ગર્વ સર્વ નીવારતા, તૂટે આઠે કર્મ. ॥ ૧૦૦ ॥ લુલાં બહેરાં આંધળાં, દુખીયા દીન અનાથ; સહાય કરી સુખ આપજે, આશિષ લે શુભ સાથ. ॥ ૧૦૧ ॥ ગુણીના ગુણ ગાજે સદા, પર અવગુણ પરીહાર; બાર પ્રકારે ભાવના, સજ સદ્‌ગુણ શણગાર. ॥ ૧૦૨ ॥ સત્ય શીયળ સંતોષને, આદરજે ઉપગાર; તજ નિંદ્રા પરમાદને, કર કરણી સુખકાર. ॥ ૧૦૩ ॥ રમત ગમતમાં જીંદગી, વૃથા અરે વહી જાય; પુદ્‌ગળ સંગે આત્મનું, જ્ઞાન ભાન ભુલાય. ॥ ૧૦૪ ॥ રત્ન ત્રય આરાધવા, કરજે સદ્‌ગુરૂ સંગ; વરજી વિષય વીકારને, ધાર ધર્મ ઉછરંગ. ॥ ૧૦૫ ॥ જીતી રસના સ્વાદને, કષાય ચાર નીવાર; સંવર કરણી આદરી, કર સફળ અવતાર.

॥ ૧૦૬ ॥ તજી દુરાગ્રહ આપણો, ગુણગ્રાહી થા ભ્રાત; આત્મ તત્વ પામીશતો, ટળી જશે તુજ જાત. ॥૧૦૭॥ નવા કર્મને રોકવાં, આદર વ્રત પચખાણ; જુનાં કર્મ ખપાવવા, તપ કરજે સુખ ખાણ. ॥ ૧૦૮ ॥ સહુ સાથે કર મીત્રતા, શત્રુતા તજી દૂર; ક્રુર કર્મ કરવા ભણી, થઈશ નહીં આતુર. ॥ ૧૦૯ ॥ સકળ કારજ સિદ્ધિ થવા, જવા મોક્ષપુર માંય; શુભ કરણી કરજે સદા, એમ વદે જીનરાય. ॥ ૧૧૦ ॥ એવી શુભ કરણી કરી, થયા સિદ્ધ અનંત; વર્તમાનમાં થાય છે, થશે વદે ભગવંત. ॥ ૧૧૧ ॥ એવો નિર્મળ માર્ગ આ, આદરશે જે જીવ; સકળ કર્મને ક્ષય કરી, ગતી મેળવશે શીવ. ॥ ૧૧૨ ॥ કટક મોહ રાજા તણું, જબરૂ તેનું જોર; જાગ જાગ તું જીવડા, લુંટે ખજાનો ચોર. ॥ ૧૧૩ ॥ કટક ધરમ રાજાતણું, લઇ ક્ષમા સમશેર; તપ જપ દાન પ્રયોગથી, મોહ મારી કરો ઝેર. ॥ ૧૧૪ ॥ સમક્રીતદ્રષ્ટિ જીવ તે, સદા સમભાવી સોય; સુખ આવે છલકે નહીં, દુઃખે દીન નવી હોય. ॥ ૧૧૫ ॥ દોરા

ૂતી સુઇ જે, પડી ન વીણસે જેમ; ભવ્ય જીવ સમ ૂત્રવંત, સંસાર ન વીણસે તેમ. ॥ ૧૧૬ ॥ જે વિદ્યા ોણા હુવે, કરે આપ અહંકાર; જીભ તણો રસ લોલપી, મે અવનીત આચાર. ॥ ૧૧૭ ॥ ઇંદ્રીઓ જેની મોકળી, ુાય અતી વાચાર; તે બહુસૂત્રી ન હુવે, એ અવ-ીત આચાર. ॥ ૧૧૮ ॥ ગર્વ ક્રોધ પરમાદ રૂપ, અને ઞાળસ કરનાર; તે શીક્ષા પામે નહીં, એ અવનીત આચાર. ॥ ૧૧૯ ॥ ક્રોધ ઉદય ક્ષીણ ક્ષીણ હુવે, રાખે રોષ બહુ કાળ; શીખ કેની માને નહિં, એ અવનીત આચાર. ॥ ૧૨૦ ॥ જ્ઞાન ભણી જે મદ કરે, છીદ્ર ગવેષણહાર; પરના છીદ્ર ખુલ્લાં કરે, એ અવનીત આચાર. ॥ ૧૩૧ ॥ ક્રોધ કરે નીજ મીત્રપર, પાછળ ભુરૂ વદનાર; મુખે તો મીઠું વદે, એ અવનીત આચાર. ॥ ૧૨૨ ॥ હાસ્ય કરે નહીં કોઇની, ઇંદ્રીયનો દમનાર; પરની નીંદ ના કરે, તે વનીત આચાર. ॥ ૧૨૩ ॥ ક્રોધ કરે નહીં કોઇપર, સત્ય વચન વદનાર; શીક્ષા શીલ પામે સદા, તે વનીત આચાર. ॥ ૧૨૪ ॥ નમ્ર

ગુણ નહિં ચપલતા, માયા નહી સેવનાર; કુતુહળ વરજે સદા, તે વનીત આચાર. ॥ ૧૨૫ ॥ કઠોર વચન વદે નહી, દીર્ઘ રોષ વર્જનાર; શિખામણ સુણે મીત્રની, તે વનીત આચાર. ॥ ૧૨૬ ॥ જ્ઞાનતણો મદ ના કરે, નહીં નીંદા કરનાર; કોપ કરે નહીં મીત્રપર, તે વનીત આચાર. ॥ ૧૨૭ ॥ કલેશ કજીયા નવ કરે, વદે સદ્ હીતકાર; કોઈનું બુરૂં ના વદે, તે વનીત આચાર. ॥ ૧૨૮ ॥ જાકો પુદ્ગળ સંગ નહીં, નહી તસ્ર પ્રેમ-પ્રીત; આત્મ ભાવે રમણતા, એ સમકીતની રીત. ॥૧૨૯॥ ધર્મ ધર્મ સબ જગ કહે, ધર્મનો જાણે ન મરમ; જેની ઉપાધી ટળે, તેનો જાણે ધર્મ. ॥ ૧૩૦ ॥ રાગ દ્વેષની જાળમાં, ફસાણા જે નરનાર; ત્યાગી હો કે ભોગી હો, ભવ ભ્રમણ સંસાર. ॥ ૧૩૧ ॥ મુક્તિ ચાહો ભવ્ય જીવન, તો તજો રાગ ને દ્વેષ; ધર્મ પણ એ શુદ્ધ છે, તજવો. અંતર કલેશ. ॥ ૧૩૨ ॥ ગુણ ગાવે પર આપના, કે કરે નીંદા કોઈ, તેહમાં સંભાવી રહે, લેપ ન લાગે સોઇ. ॥ ૧૩૩ ॥ એક અક્ષર દાતા ગુરૂ,

ગુરૂપદે ન ગણે જેહ; સ્વાન યોની સો વારતે, ચંડાળપણું પામેહ. ॥ ૧૩૪ ॥ પાપ છીપાવ્યાં ન છીપે, છીપે તો મોટાં ભાગ; દાબી ડુબી ના રહે, રૂએ લપેટી આગ. ॥ ૧૩૫ ॥ પર નીંદાને પરહરે, આત્મનિંદા કરે જેહ; પર દોષ દેખે નહી, સદ્‌ગુણગ્રાહી તેહ. ॥ ૧૩૬ ॥ કર કછોટો જીભડી, ત્રણે વસ કરંત; તે નર ચાલે મલપતા, હરીજન કયા કરંત. ॥ ૧૩૭ ॥ થાય ખરાબી ધર્મની, જો ગુરૂ માંહે બગાડ; રહે કુશળ શી રીતથી, મૂળ સડયું જીમ ઝહાડ. ॥ ૧૩૮ ॥ સત્ય વચન અરૂ દીનતા, પર સ્ત્રી માત સમાન; ઈન્કું વૈકુંઠ ના મીલે, તુલસીદાસ જમાન. ॥ ૧૩૯ ॥ કંચન તજવો સુલભહે, સુલભ ત્રીયાકો નેહ; નીંદા સ્તુતી તાગવો, તુલસી દુર્લભ એહ. ॥ ૧૪૦ ॥ લેનેકું હરનામ હે, દેનેકું અન્નદાન; તરનેકું આધીનતા, બુડનેકુ અભીમાન. ॥ ૧૪૧ ॥ તુલસી આ જુગ આયકે, કર લેજે દો કામ, દેનેકા ટુકડા ભલા, લેનેકા હરી નામ. ॥ ૧૪૨ ॥ કબીર કહે કમાલકું, દો બાતો લીખલે,

કર સાહેબકી બંદગી, સુખેકુ કુછ દે. ॥ ૧૪૩ ॥ તુલશી તલપ ન છોડીએ, નિશ્ચે લીજે નામ, મનુષ્ય મજુરી દેતહે, કયું રખેગો રામ. ॥ ૧૪૪ ॥ કબીર દર્શન સાધકા, સાહેબ આવે યાદ; લેખેમે સોઈ ઘડી, બાકીકે દીન બાદ. ॥ ૧૪૫ ॥ તન કર મન કર વચન કર, દેતન કબહું દુઃખ, તુલસી પાતક જલતહે, દેખત ઉનકો મુખ. ॥ ૧૪૬ ॥ રસ રૂપ કે ગંધ નહિ, નહિં સ્પર્શનું નામ; મૂર્ત નહિ પણ દેહમાં, વશી રહ્યા છે રામ. ॥ ૧૪૭ ॥ આંખોથી દેખાય નહિ, તો પણ પ્રગટ જણાય; થાય કદાપી ધ્યાનથી, ચિંતવન જો મન માંય. ॥ ૧૪૮ ॥ સ્વરૂપ સાચુ સમજીને, મોહ કરૂં હું દૂર; ગુરૂવાણીથી આજ હું, ભાંગુ ભ્રાંતિ જરૂર. ॥ ૧૪૯ ॥ નિશ્ચય મનથી દેખતો, વિશુદ્ધ મ્હારો રામ; રામ મહીં હું જોડતો, ઇન્દ્રિય કેરાં કામ. ॥ ૧૫૦ ॥ સ્મરણ કર્યાથી જેહનું, જ્ઞાન જ્યોતિ ઝળકાય; મોહ તિમિર ચાલી જતું, ઉર આનંદિત થાય. ॥ ૧૫૧ ॥ આત્મરામનો વાસ તો,

દેહ મંદીરે થાય, અન્ય સ્થળે દોડુ નહિ. શોધું દેહની માંય. ॥ ૧૫૨ ॥ પરમ જ્ઞાન તે આત્મ છે, નિર્મળ દર્શન તેહ; ગણું તે ચારિત્રને, નિર્મળ તપ પણ એહ. ॥ ૧૫૩ ॥ નમન કરવા યોગ્ય છે, એકજ મારો રામ; સજ્જનનું તે શરણ છે, મંગળ ઉત્તમ રામ. ॥ ૧૫૪ ॥ દેહધારી દેખાય પણ, દેહ વિનાનો હોય; આત્મરૂપ અદ્‌ભુત આ, સમજે શાણા કોય. ॥ ૧૫૫ ॥ પરમ આત્મની ભાવના, શુદ્ધ ભાવથી થાય; પરમ પદને લાવતી, કારણ ભાવ જણાય. ॥ ૧૫૬ ॥ પણ નીચી જો ભાવના, નીચું પદ પમાય; લોઢાથી લોહજ બને, કંચન કયાંથી થાય. ॥ ૧૫૭ ॥ આત્મ-જ્ઞાન એ તીર્થ છે, ઉત્તમ ને અદ્‌ભુત; સ્નાન કરીએ તીર્થમાં, કાઢું મેલ અખૂટ. ॥ ૧૫૮ ॥ અસંખ્ય મોટાં તીર્થથી, મેલ જેહ નવ જાય; આત્મજ્ઞાનના તીર્થથી, અંતર મળ ધોવાય. ॥ ૧૫૯ ॥ કષાય કેરો વાયરો, સ્પર્શ કરે નહીં રામ; જ્ઞાન સૂર્યની જવાળથી, થાયે ભસ્મ તમામ. ॥ ૧૬૦ ॥ રામ દીવડો દીવ્ય છે, નહી

માયાનો પાસ; દીવ્ય તેજથી આપતો, સકલ વિશ્વ પ્રકાશ. ॥ ૧૬૧ ॥ હું તેહજ ચૈતન્ય છું, બીજું છે નહી કોય; એવું ઉત્તમ તત્ત્વ આ, સમજે વીરલા કોય. ॥ ૧૬૨ ॥ ખ્યારો આતમ સ્વરૂપમાં, ન્યારો પુદ્ગલ ખેલ; પરમાતમ તવ જાણીએ, નહીં જસ ભવકો મેલ. ॥ ૧૬૩ ॥ કરૂણા વત્સલ સુજનતા, આત્મનિંદા પાઠ; સમતા ભક્તિ વીતરાગતા, ધર્મ રાગ ગુણ આઠ. ॥ ૧૬૪ ॥ ધનબળ દેવી દેવતા, માત પીતા પરીવાર; મરતી વેળા જીવને, કોઈ ન રાખણહાર. ॥ ૧૬૫ ॥ આપ એકલા અવતરે, મરે એકલો હોય; કબહુ અપના જીવકો, સાથી સગો ન કોય. ॥ ૧૬૬ ॥ શરીર વિષ્ટા કોથળી, તેમાં શું મોહાય; મમતા તજી વૈરાગ ધરે, તે જીવ મુક્તિ પાય. ॥ ૧૬૭ ॥ રાગ દ્વેષ અરૂ અજ્ઞતા, આશ્રવ ભવી જાણ; અષ્ટ કર્મ દળ આગમન, દ્રવ આશ્રવ પ્રમાણ. ॥ ૧૬૮ ॥ નીજ સ્વરૂપમાં લીનતા, નિશ્ચય સંવર જાણ; સુમતી ગુપ્તિ સંયમ ધર્મ, કરે પાપની હાણ. ॥ ૧૬૯ ॥ પુદ્ગલમાં રાચ્યો રહે, પુદ્-

ગલ સુખ નિધાન; તસ લાભે લોભ્યો રહે, બાહીરાતમ અભિધાન. ॥ ૧૭૦ ॥ શરીર એહીજ આતમા, માને મોહી લોક; વાચા મન પણ આતમા, બાહીરાતમની ઝોક. ॥ ૧૭૧ ॥ હું એનો એ મહારો, જ્યાં લગી એ બુદ્ધિ; અજ્ઞાની સુખ કેમ લહે, પ્રગટે નહી સ્વશુદ્ધિ. ॥ ૧૭૨ ॥ હું કરતો હું બોલતો, મારા વીણ શું થાય; એવી બુદ્ધિ જ્યાં લગી, તાવત્ ભવ ભટકાય. ॥૧૭૩॥ એ ધન મારૂ માનતો, તસ લાભે લોભાય; વિવિધ સંકટ વેઠતો, ભવમાંહી ભટકાય. ॥ ૧૭૪ ॥ સ્ત્રી પુત્ર પરીવાર સૌ, મારાં માને જેહ; બાહિરાતમ સુખ શું લહે, ભૂલ્યો ભટકે તેહ. ॥ ૧૭૫ ॥ શરીર પર મમતા ધરે, કરે પાપનાં કામ; ભવમાંહી તે ભટકતો, થાશે દુઃખનું ઠામ. ॥ ૧૭૬ ॥ ધન વધતાં સુખી બને, ઘટતાં દુઃખ ન માય; બાહીરાતમ સુખ શું લહે, ભવમાંહી ભટકાય. ॥ ૧૭૭ ॥ જે જે આંખે દેખતો, ઈષ્ટ વસ્તુ સુખકાર; તેની તૃષ્ણા રાખતો, પામે દુઃખ અપાર. ॥ ૧૭૮ ॥ યાવત્ બાહીરાતમ તણું, તાવત્ છે સંસાર; બાહીરાત-

મને છોડતાં, લહીએ ભવ જળ પાર. ॥ ૧૭૯ ॥ મૃગ કસ્તુરી ભટકતો, કસ્તુરીની ગંધ; કસ્તુરી તો ડૂંટીમાં, આહીરાતમ તેમ અંધ. ॥ ૧૮૦ ॥ પાપ કિયાં જીવ તેં બહુ, ધર્મ ન કિયો લગાર; નરક પડયો હાથ ચડયો, તિહાં કરે પોકાર. ॥ ૧૮૧ ॥ કરમેં તો માળા ફરે, જીભા ફરે મુખમાંહી; મનવો તો ચૌ દશ ફરે, એતો સ્મરણ નહી. ॥ ૧૮૨ ॥ કબીરકબીર કયા કરો, ખોજો આપ શરીર; પંચ ઈંદ્રિ વશ કરે, તો પોતે આપ કબીર. ॥ ૧૮૩ ॥ મહીષ વૃષ ને કૂતરાં, અજ્ઞાને લેપાય; અજ્ઞાની અજ્ઞાનથી, ચતુર્ગતિ ભટકાય.॥૧૮૪॥ નિંદા કરતાં પારકી, પોતે ભારે થાય; નિંદક તે ચંડાળ છે, ભવમાંહિ ભટકાય. ॥ ૧૮૫ ॥ શું મારૂં સંસારમાં, મારૂં મારી પાસ; પરને મારૂં માનતો, ભવમાં ભટકીશ ખાસ. ॥ ૧૮૬ ॥ સ્ત્રી ધન પુત્ર કુટુંબ સબ, મુજથી ન્યારૂ ખાસ; સંસારે શું સાર છે, ફ઼ેમ કરે પર આશ. ॥ ૧૮૭ ॥ તલમાં વ્યાપી તેલ જેમ, આતમ વ્યાપી દેહ; અરણી માંહે વન્હિ જેમ, તેમજ

ચેતન એહ. ॥ ૧૮૮ ॥ આરંભ વિષય કષાય વશ, ભમિયો કાલ અનંત; લખચોરાશી યોનીમાં, અબ તારો ભગવંત. ॥ ૧૮૯ ॥ મોહ અજ્ઞાન મિથ્યાત્વકો, ભરિયો રોગ અથાગ; વૈદ્યરાજ ગુરૂ શરણથી, ઔષધ જ્ઞાન વૈરાગ. ॥ ૧૯૦ ॥ જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર; પ્રભુ તમારી શાખસે, વારંવાર ધિકાર. ॥ ૧૯૧ ॥ અરિહંત સિદ્ધ સવ સાધુજી, જીન આજ્ઞા ધર્મ સાર; મંગલિક ઊત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ॥ ૧૯૨ ॥ સિદ્ધાં જેસો જીવ હે, જીવ સોઈ સિદ્ધ હોય; કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ॥૧૯૩॥ કર્મ પુદ્ગલ રૂપ હે, જીવ રૂપ હે જ્ઞાન; દો મિલકર બહુ રૂપ હે, વિછડયાં પદ નિવારણ. ॥ ૧૯૪ ॥ કર્મ સંગ જીવ મૂઢ હે, પાવે નાના રૂપ; કર્મ રૂપ મલકે ટળે, ચેતન સિદ્ધ સરૂપ. ॥ ૧૯૫ ॥ સુખ દિયાં સુખ હોત હે, દુઃખ દીયાં દુઃખ હોય; આપ હણે નહી અવરકું, તો અપને હણે ન કોય. ॥ ૧૯૬ ॥ ગોધન ગજધન રત્નધન, કંચનખાન સુખાન; જબ આવે સં-

તોષ ધન, સબ ધન ધૂલ સમાન. ॥ ૧૯૭ ॥ શીલ રતન મહોટું રતન, સબ રતનાંકી ખાણ; તીનલોકકી સંપદા, રહી શીલમે આણ. ॥ ૧૯૮ ॥ શીલે સર્પન આભડે, શીલે શીતલ આગ; શીલે અરિ કરિ કેશરી, ભય જાવે સબ ભાગ. ॥ ૧૯૯ ॥ આળસ વિષય કષાય વશ, આરંભ પરિગ્રહ કાજ; યોનિ ચોરાશીલખ ભમ્યો, અબ તારો મહારાજ. ॥ ૨૦૦ ॥ જ્ઞાન ગરીબી ગુરૂ વંચન, નરમ વચન નિર્દોષ; ઇનકું કદી ન છોડીએ, શ્રદ્ધા શીલ સંતોષ. ॥ ૨૦૧ ॥ સુતા ઊઠતા બેસતા, જે સમરે અરિહંત; દુઃખીયાના દુઃખ ભાંગશે, લેશે સુખ અનંત. ॥ ૨૦૨ ॥ મોક્ષ સ્વભાવે હોય છે, બંધ વિભાવે હોય; બંધ મોક્ષ પરિણામથી, અન્ય કારણ હોય. ॥ ૨૦૩ ॥ દયા ગરીબી બંદગી, સમતા શીલ સ્વભાવ; ચેતે લક્ષન સાધકે, કહે કબીર સદ્‌ભાવ. ॥ ૨૦૪ ॥ આશા તજે માયા તજે, મોહ તજે અરૂ-માન; હર્ષ શોક નિંદા તજે, રહે કબીર સંત જાન. ॥ ૨૦૫ ॥ સંત ખરે સોહી કહો, જીન કનક કામની

ત્યાગ; ઔર કછુ ઇચ્છા નહિં, નિશદિન રહે વરાગ. ॥ ૨૦૬ ॥ ન્હાવો ધોવો કયા કરે, મનકા મૈલ ન જાય; મીન સદા જલમે રહે, ધોવે કલંક ન જાય. ॥ ૨૦૭ ॥ સાહેબકે દરબારમે, સાચેકો શિરપાવ; જુઠા તમાચા ખાયગા, કયા રંક કયા રાવ. ॥ ૨૦૮ ॥ કબી-રને નીજ ઘર કીયા, ગલકટ્ટો કે પાસ; કરેગા સો પાવેગા, તું કયુ ભયા ઊદાસ. ॥ ૨૦૯ ॥ જપ તપ તીરથ સબ કરે, ઘડી ન છાંડે ધ્યાન; કહે કબીર ભક્તિ બીનાં, કબૂ ન હોય કલ્યાણ. ॥ ૨૧૦ ॥

કહેવત સંગ્રહ.

સજન સુના હલદ જીમ, ઓ પીલા ઓ શ્વેત, બેહુ મળી લાલી હુવે, બલીહારી ઉણ હેત. ॥ ૧ ॥ સજન સુજાત સેવીરે, જો ઘર નીરધન હોય; સુકા ચંદન કાષ્ટ જીમ, સુગંધ ન છોડે તોય. ॥ ૨ ॥ સજ્જન મત જાણો પ્રીત ગઇ, દુર વસંતી વાસ; નય-ણાકો અંતર પડયો, પણ જીવ તુમારી પાસ. ॥ ૩ ॥

દુરજન એસા જાણીયે, જેસા રાતા બોર; બોર સુંદર દેખીયે, મોંહે કઠીણ કઠોર. ા ૪ ા ગુરૂ લોભી શિષ્ય લાલચી, દોનો ખેલે દાવ; દોનો ડુબે બાપડે, બેઠે પથરકે નાવ. ા ૫ ા ભુખ ન જાણે ભાવતુ, પ્રીત ન જાણે જાત; ઉંઘ ન જાણે સાથરો, જ્યાં સુતા ત્યાં રાત. ા ૬ ા કરીયે જ્યાં નિવાસ જઈ, પૈસાની પેદાશ; જંગલમાં મંગલ કરે, પૈસો જેની પાસ. ા ૬ ા સતી નાર ભોરિંગ મણી, સુરાહિ સરણાંત; કરપી ધન કેશરી મુચ્છ, મુવે જાય પરહથ. ા ૮ ા કણબી પસુના માનવી, ચીભડ કવલ ન ઘુંટ; ખોજો વોરો ન વાણીયો, રોઝ બળદ નહી ઉંટ. ા ૯ ા બુરા બુરા સબકો કરે, બુરા ન દેખું કોઈ; જો ઘટ શોધુ આપણો, તો મોંસુ બુરા ન કોઇ. ા ૧૦ ા દેશ દેશ મેં ફરૂ, માનવકા બડા સગાલ; જેણે દીઠે અંતર ઠરે, ઉસકા બડા દુકાલ. ા ૧૧ ા પરં જનને ઉપદેશ દે, નીજમાં કોટી કુ ફેલ; ધોબી ધુવે પટ પારકા, નીજ પટમાં મણ મેલ. ગુરૂ ગોવીંદ દોનુ ખડે, કીસકુ લાગુ પાય; બલીહારી

ગુરૂ દેવકી, જેણે ગોવીંદ દીયો બતલાય. ॥ ૧૩ ॥ ગાલી ખમતાં ગુણ ઘણા, ગાલી દીયે મેં દોષ; ઉસકુ મલેગી નારકી, તુજકુ મીલેગો મોક્ષ. ॥ ૧૪ ॥ નામ રહતાં ઠકરા, નાણાં નહીં રહંત; કીરતી કેરાં કોટડાં, પાડયાં નહી પડંત. ॥ ૧૫ ॥ ચંદા વેરી વાદલાં, જલવેરી સેવાલ; માણુસ વેરી નીંદ્રડી, મન વેરી જંજાળ. ॥૧૬॥ ચલગત દેખી પારકી, અંતર આતમ મત બાળ; કરશે તેવું પામશે, તું તારૂં સંભાળ. ॥ ૧૭ ॥ ચોખે રસ્તે ચાલતાં, કદી ન આવે આંચ; વીણ રસ્તે ગાડુ જતાં, ઘણીજ આવે આંચ. ॥ ૧૮ ॥ જ્ઞાન ધ્યાન સબ કાંઇ ન સુજે, આગ લાગી આ પેટીમાં; કહેત કબીરા સુણ ભાઈ સાધુ, જ્ઞાન ધ્યાન સબ રોટીમાં. ॥ ૧૯ ॥ સ્ત્રી પીયર નર સાસરે, સંયમીઓ સ્થિરવાસ; એ ત્રણ હોય અલખામણા, જો રહે ઘણું સ્થિરવાસ. ॥ ૨૦ ॥ વેહતા પાણી નીરમલાં, સ્થિર પડયાં ગંદા હોય; સાધુજન ફરતા ભલા, ડાગ ન લાગે કોઇ. ॥ ૨૧ ॥ તરૂવર સરોવર સંતજન, ચોથો મેઘ મલાર; પરમાર્થને કારણે

ચારે ધર્યો છે દેહ. ॥ ૨૨ ॥ આવ નહી આદર નહી, નહી નયણામે નેહ; તુલસી તે ઘેર મત જાઇયે, ભર કંચન વરસત મેહ. ॥ ૨૩ ॥ આંટી કાઢે અકલથી, ઘુંચ પડે ન મુંઝાય; તાંણીને તોડે નહી, તો ઘર સૂત્ર ચલાય. ॥ ૨૪ ॥ તંત અંત ન તાણીયે, તાણે તુટી જાય; જો તુટયા પછી સાંધીયે, વચે ગાંઠ પડી જાય. ॥ ૨૫ ॥ ચાતક ચકવા ચતુરનર, પ્રતિદિન ફરે ઉદાસ; ખર ઘુવડ ને મૂર્ખ નર, સુખે સુવે નિજ વાસ. ॥૨૬॥ મુરખ નર મુમતા કરે, મારૂ કર્યું સૌ થાય; સુકા કાષ્ટનો જીવડો, એને જળ કોણ પાય. ॥ ૨૭ ॥ અહંકારીયો ઓ ધરે નહી, બગલી ન ધરે ધ્યાંન; વેષ્યા મંજરી ને વાણીયો, ત્રણુને ન હોય વેમાન. ॥૨૮॥ સિંહ ધીરે સીંહ દીપાધીરે, ધીરે મણઝર કાલ; એક ન ધીરીશ વણીક પુત્રને, પારણે પોઢેલ બાલ. ॥૨૯॥ નારી નાગણ જાણીયે, દેખત કરે હેરાન; બાણ ચલાવે નયણુકાં, તોડે શુદ્ધ અરૂ સાન. ॥ ૩૦ ॥ સાકર તજે ન ગલપણું, સોમલ તજે ન ઝેર; સજ્જન તજે ન

સહનતા, દુર્જન તજે ન વેર. ।। ૩૧ ।। પરનારી ઝેરી છુરી, મત લગાના અંગ; રાવણ દશ શીશ ગયે, ઓ પરનારીકે સંગ. ।। ૩૨ ।। કાલી કાજળથી ખરે, અપ-કીર્તિ કહેવાય; કાલુ કાજળથી વલી, કુકર્મ છે જગ-માંય. ।। ૩૩ ।। સંપે સંપત સાંપડે, સંપે આવે સુખ, સંપ વીહુણા માનવી, પળ પળ પામે દુઃખ. ।। ૩૪ ।। લઘુતા રાખો માનવી, લઘુતા છે હીતકાર, માન મલે લઘુતા થકી, સુણો સકલ નરનાર. ।। ૩૫ ।। કુસંપથી હાની સદા, જર જશ સુખની થાય; કુસંપથી બેદીલ રહે, નરનારી જગમાંય. ।। ૩૬ ।। કર્મ લલાટની આ-ગલે, સાંભળ મારી વાત; મેં લીધું મળસકુ, ઘેંસે લીધી રાત. ।। ૩૭ ।। ચતુરકુ ચીંતા ઘણી, નાહી સુર-ખકુ લાજ; સર અવસર જાણે નહી, પેટ ભર્યાકું કાજ. ।। ૩૮ ।। બાર કોષે ભાષા બદલે, તરૂવર બદલે સાખા; જાતે દહાડે કેશ બંદલે, લક્ષણ ન બદલે લાખા ।। ૩૯ ।। જાકે બોલે બંધ નહી, મર્મ નહી મનમાંય; વાંકો સંગ ન કીજીયે, છોડ ચલે વનમાંય. ।। ૪૦ ।।

દલ ફરે વાદલ ફરે, ફરે નદીના પૂર; ઉત્તમ બોલ્યા નવ ફરે, પશ્ચિમ ઉગે સૂર. ॥ ૪૧ ॥ ચલવો ન ભલો કોપકો, દોહીત્તા ભલી ન એક; માગવો ભલો ન આપસેં, જો રાખે પ્રભુ ટેક. ॥ ૪૨ ॥ ચલવો ન ભલો કુચાલકો, વીધવા ભલી ન એક; મગવો ભલો ન સોમકો, જો રાખે પ્રભુ ટેક. ॥ ૪૩ ॥ પ્રીત એસી કીજીયે, જેસા ટંકણખાર; આપ જલે પર રીજવે, ભાંગ્યા સાંધે હાડ. ॥ ૪૪ ॥ મહોબત કીજે મરદકી, કબહુ આવે કામ; શીર સાટે શીર દેતહે, દુખીયોકુ વીશરામ. ॥ ૪૫ ॥ દાતા દાતા મરગયે, રહે ગયે મખીચુસ; લેના દેના કુછ નહી, લડનેકુ મજબુત. ॥ ૪૬ ॥ નમન નમનમાં ફેરહે, બહુ નમે નાદાન; દગાખોર દોઢો નમે, ચીંતા ચોર કમાન. ॥ ૪૭ ॥ પદમણીને પાન વહાલો, માન વહાલો ચીત્રણી; હસ્તણીને ખ્યાલ વાહલો કલેશ વહાલો શંખણી. ॥ ૪૮ ॥ પદમણીતો પંકચાલે, મલક ચાલે ચીત્રણી; હસ્તણી તો ઠમક ચાલે, ધમક ચાલે શંખણી. ॥ ૪૯ ॥ પદમણીને પલક નિંદ્રા, ચમક

નિંદ્રા ચીત્રણી; હસ્તણીને પોહર નિંદ્રા, અઘોર નિંદ્રા શંખણી. ॥ ૫૦ ॥ પદમણીને પાવ આહાર, અચ્છેર આહાર ચીત્રણી; હસ્તણીને શેર આહાર, કુંડો આહાર શંખણી. ॥ ૫૦ ॥ નમે છે આંબા આંબલી, નમે દે દાડમ દ્રાક્ષ; એરંડ બીચારો શું નમે, જેની ઓછી શાખ. ॥ ૫૨ ॥ પ્રીત તીહાં પડદો નહિ, પડદો નહિ ત્યાં પ્રીત; પ્રીત કરીને પડદો કરે, તે મુરખની રીત ॥ ૫૩ ॥ તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય. મુવા ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય. ॥ ૫૪ ॥ સમકીત દ્રષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ; અંતરથી ન્યારો રહે, જયું ધાવ ખેલાવે બાળ. ॥ ૫૫ ॥ મિથ્ય દ્રષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ; અંતરથી વળગ્યો રહે, જેમ માત ખેલાવે બાળ. ॥ ૫૬ ॥ માળા ફેરત જન્મ ગયો, ગયો ન મનકો ફેર; કરકા મનકા છોડકે મનકા મણકા ફેર. ॥ ૫૭ ॥ એક તાણત એક ઢીલદે, તૂટે ન કાચો તાર; તાણત તાણત તૂટહી, લોહા સાંકળ સાર. ॥ ૫૮ ॥ માળા બની કાષ્ટની, ઓર કાષ્ટકા ભારા.

ચતુરકી ઘડી ભલી, મુરખકા જનમારા. ॥ ૫૯ ॥ માળા બની કાષ્ટકી, બીચમાં ડાલ્યા સુત; માળા બિચારી કયા કરે, ભજનેવાળા કપુત. ॥ ૬૦ ॥ સજ્જન એસા કીજીએ, જેસા આકાં દુધ; અવગુણ ઉપર ગુણ કરે, તેસા જનકુલ શુદ્ધ. ॥ ૬૧ ॥ કાંણીઆ નર કોઈક સાધુ, કોઇક દાતા મંજરો; ખોખર દંત્ત કોઇક મૂર્ખો, કોઇક નિર્ધન તાળીયો. ॥ ૬૨ ॥ ઊંચકી સંગત ધર્મસુ પ્યારી, પુત્ર કુપુત્ર ને વાહીલી નારી; ઘરમાં છે વિભૂતિ ને નીરોગી કાયા, એ ખટ બોલતે પુન પસાયા. ॥ ૬૩ ॥ નીચકી સંગત પાપસુ પ્યારી, પુત્ર સુપુત્ર વેણા વસ નારી; ઘરમાં નહી વિભુતિ ને રોગીલી કાયા, એ ખટ બોલ તે પાપ પસાયા. ॥ ૬૪ ॥ ભગત બીજ પલટે નહી, જાય જુગ અનન્ત; નીચ ઊંચ ઘેર અવતરે, આખર સંતકો સંત. ॥ ૬૫ ॥ એક ઘડી આધી ઘડી, આધીમે પુની આધ; તુલસી સંગત સાધકી, કોટી કટે અપરાધ. ॥ ૬૬ ॥

છપ્પો.

ભટકત બીગડે નાર, ઝાડ બગડે બગ બેઠે, પુત્ર બગડે હુલરાય, પુત્રી બગડે સુખ દેતે; ઉત્તમ સે અ-ધમ મીલે, વાંકી બગડે ગતિ, કવિ વૈતાલ કહે, ક્રોધ ચઢાવે બગડે જતિ. ॥ ૧ ॥

છપ્પો.

કોણ તરણુથી તુચ્છ, કોણ મણીથી મોંઘો; સોનાથી શોભે કોણ, કોણ કુસકાથી સોંઘો; મેશથી મેલુ કોણ, કોણ મદિરાથી માતો, દુધથી ઉજળું કોણ, કોણ અગ્નિથી તાતો; વળી કોણ વીંછીની વેદના, કોણ સાકરથી છે ગળી, કવી શામળભટ્ટ સાચું કહે, ઉત્તર આપો મન રળી. ॥ ૧ ॥

ઉપરના છપ્પાનો ઉત્તર.

જાચક તરણુથી તુચ્છ, ક્ષમાગુણ મણીથી મોંઘો;

સોનાથી શોભે સપુત, ગરજુ કુસકાથી સોંઘો; મેશથી મેલુ કલંક, અમલ મદિરાથી માતો, દુધથી ઉજળો જશ, ક્રોધ અગ્નિથી તાતો; કડુ વચન વીંછીની વેદના, ગરજ સાકરથી ગળી, કવી શામળ કહે સત્ય માનજો, ઉત્તર આપ્યો મન રખી. ॥ ૧ ॥

સમાપ્ત

પ્રભાતીઉં.

જાગ્ય તું જાગીને જો જરા જીવડા, વિશ્વ આ તેં સર્વ જાય ચાલ્યું; કોણ રાજા વળી કોણ રંક દીસે, કાળે તો સર્વનું વેર વાળ્યું. જાગ્ય૦ ॥૧॥ કાળ અનાદિથી ચોગતે રડવડયો, ભડભડયો ક્રોધની જાળમાંહ; વેર બહુ બાંધીયા પ્રાણી વીરાધીયા ચિત્ત દયા તુજને નાવી ભાઈ. જાગ્ય૦ ॥૨॥ પૃથ્વી પ્રાણી ને અપ તેઉ વાયરો, વનસ્પતિ વેગે વીણાસી; કહે કેમ છોડશે હાડ હવે તોડશે, મળશે જ્યારે તુમ જમ પ્રાસી. જાગ્ય૦ ॥૩॥ લક્ષ ચોરાસીની યોનિમાં બહુ ભમ્યો, અતિ રમ્યો વિષયના જોરમાંહી, નારી પર દારા રમત કરી રાચીઓ, માંચીયો આપ છળમાંજ ભાઈ. જાગ્ય૦ ॥૪॥ શ્રી જૈન ધર્મનો મર્મ જાણ્યો નહિં, તો કહો કેમ કરી મોક્ષ જાવે; કઠણ જે કેવળી સ્વામીનું કામ છે, ભક્તિ કર્યાથી ભલી વિધ પાવે. જાગ્ય૦ ॥૫॥

આ પુસ્તક મળવાનું ઠેકાણું:—

શાહ ઘેલાભાઇ અમરચંદ.

સારંગપુર-તળીયાની પોળ

અમદાવાદ.

બહારગામથી મંગાવનારે પોષ્ટેજનો એક આનો મોકલવો.

અમદાવાદમાં પુસ્તક મળવાનું ને છપાવવાનું ઠેકાણું:—

સંઘવી વાડીલાલ કકુભાઇ.

સારંગપુર-તળીયાની પોળ

અમદાવાદ.